પ્રસ્તાવના

વિ. સં. ૧૯૮૯ માં આ પુસ્તકની પહેલી આવૃત્તિ બહાર પડી હતી. આજે ૭ વર્ષના ગાળે બીજી આવૃત્તિ બહાર પડે છે. પ્રથમ આવૃત્તિ માત્ર ૨-૩ વર્ષમાંજ ખલાસ થઈ ગઇ હતી અને માગણી તો અવારનવાર આવ્યાજ કરતી હતી; પરન્તુ મ્હારો આજ સુધીનો બધો સમય 'જૈન' પત્ર પાછળ અને વિધ વિધ જૈન સાહિત્યના પ્રકાશનો પાછળ રોકાઇ ગયો હોઇ, મોડે મોડે પણ હું જનતાની એ ઇચ્છાને સંતોષી શકુ છુ એ મારા માટે આનંદનો વિષય છે.

આ પ્રકાશને ખાસ કરીને જૈન શાળાઓમાં ભણતા બાળકોને અને બ્હેનોને તેમજ સામાન્ય અભ્યાસી અને કથા સાહિત્યની રસિક જનતાને સંતોષ આપ્યો હતો. જો જૈનસમાજ જૈનધર્મના પ્રકાશનો પરત્વે ખૂબ રૂચિ ધરાવતો થાય તો બીજી આવૃત્તિ તો શું પણ આવી અનેક આવૃત્તિઓ બહાર પડે. ઇચ્છું છું કે પહેલી આવૃત્તિને જનતાએ જે ઉત્કર્ષ અને પ્રેમથી સત્કારી, તેવીજ રીતે આ આવૃત્તિને પણ સત્કારશે.

પ્રત્યેક મનુષ્યના હૃદયમાં નીતિ ધર્મની છાપ પાડવા માટે ચરિતાનુયોગ-ધર્મ કથાનકો વિશેષ ઉપયોગી છે. મનુષ્યનું હૃદય બહુધા અનુકરણ કરવા પ્રતિ વધારે લલચાતું રહે છે અને એથીજ ઉત્તમ સ્ત્રી પુરુષોના ચરિત્રો વાંચવાથી જન હૃદયમાં ધર્મપ્રેમ, શ્રદ્ધા, ટેક, નીતિ, સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા વગેરેની છાપ જલ્દી પડે છે અને મનુષ્ય તે ગુણો પોતાનામાં વિકસાવવા યથાશક્ય પ્રયત્ન કરે છે, એથી જ અમે આપણા જુના રાસોમાંથી કથાઓને સંક્ષિપ્તમાં અને સરળમાં ઉતારવા પ્રયત્ન કર્યો છે. જેમાં મુખ્ય બોધ બ્રહ્મચર્ય પાલન, અનેક દુન્યવી આકર્ષણોમાં ન લલચાતાં સ્વધર્મમાં દૃઢ રહેવું, દયા અને સત્યના સિદ્ધાંતને વિકસાવવો, નવકારમંત્રની શ્રદ્ધા વગેરે છે.

રાસગ્રંથોમાં આપણને કેટલીક અતિશયોક્તિ લાગે છે; છતાં પૂર્વકાળમાં એવા અનેક બનાવો બનતા હોય છે; એટલે આપણે એ બનાવોના ગુણદોષમાં ઉતરવાનું નથી, પણ અનેક સંકટોમાં મહાપુરૂષો અને સતી સ્ત્રીઓ પોતાના ધર્મનું કેવી રીતે પાલન કરે છે તે જોવાનું છે અને તેજ બોધ આપણે સહુએ ગૃહણ કરવાનો છે.

જૈનો કલ્પિત અને નીતિનાશક પુસ્તકો વાંચી અનાત્મિક ભાવનાઓ પોષે, તે કરતાં જૈનધર્મના ઉપદેશાત્મક પુસ્તકો વાંચી સદ્દજ્ઞાન મેળવે અને બાળ, યુવાન, વૃદ્ધ સૌ કોઇ આવાં પુસ્તકોનાં વાંચનથી, ધર્મનીતિનાં રહસ્યને સમજી સન્માર્ગ તરફ વળે, તો લેખકનો શ્રમ સમાજની યત્કિંચિત્ સેવારૂપે સફળ થયો ગણાશે.

અંતમાં આ કથાસાહિત્ય પુસ્તકની વધુને વધુ આવૃત્તિઓ બહાર પડે તે રીતે જનતા, શાળાના સંચાલકો, શિક્ષક-શિક્ષિકાઓ, બાળકો અને બહેનો તેને અપનાવી લેશે એવી આશા તો સ્વાભાવિક રીતે જ રાખી શકાય.

મ શ્રાવણ શુદ બીજ
તા. ૧૮-૭-૩૯

જીવણલાલ સંઘવી

વાર્તાઓનો અનુક્રમ

૧ મહાસતી અંજના

અનેક મહાપુરૂષો અને મહાસતીઓનું ઉત્પત્તિસ્થાન મુખ્યત્વે આપણું આ ભારતવર્ષ છે. રામાયણના સમયની આ વાત છે. મહાસતી અંજના પોતાના પર અનેક સંકટો આવવા છતાં અપૂર્વ સહનશીલતા અને ધીરજ રાખી પતિવ્રત-ધર્મનું અડગ રીતે પાલન કરી ઇતિહાસમાં પ્રસિદ્ધ બની છે અને ભવિષ્યની બહેનોને પતિ-ભક્તિનો ઉમદા પાઠ શીખવી ગઇ છે તે આપણે તેનાં આ ચરિત્ર પરથી જાણીશું.

મહાસતી અંજના મહેન્દ્રપુરના રાજા મહેન્દ્રની એકના એક પુત્રી હતી. રાજા મહેન્દ્રને બીજા સો પુત્રો હતા; પરંતુ સો ભાઇઓ વચ્ચે માત્ર એકજ બહેન હોવાથી રાજાની તેના પર ઘણી પ્રીતિ હતી. રાજા મહેન્દ્રની રાણી હૃદયસુંદરી પણ પુત્રીને લાડ લડાવવામાં જરા પણ કચાશ રાખતી ન હતી. અંજના પૂર્વના સુસંસ્કારે બહુજ સુશીલ અને શાણી હતી. રૂપમાં તો તે સાક્ષાત્ ઉર્વશી કે રંભાનો અવતાર હતી. બુદ્ધિમાં, ગુણમાં, ચાતુર્યમાં અંજના એટલી બધી આગળ વધી હતી કે સૌ કોઇ અંજનાને દેખી તેના રૂપ ગુણની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા.

અનુક્રમે અંજના બાલ્યાવસ્થા વીતાવી યૌવનાવસ્થા પામી એટલે તેનાં સર્વ અવયવો પૂર્ણ તેજસ્વી બની સુંદરતાની

પરાકાષ્ટાએ પહોંચ્યા. પુત્રીને ઉમર લાયક થયેલી જોઈ પિતાને તેનાં લગ્નની ચિંતા થવા લાગી. અંજનાને માટે ગ્ય વરની તપાસ કરવા મહેન્દ્ર રાજાએ દેશ પરદેશ અનેક માણસો મોકલી આપ્યા, છતાં તેને યોગ્ય કોઈ રાજકુમાર ન મળવાથી રાજાની ચિંતામાં વૃદ્ધિ થવા લાગી.

એકવાર મહારાજા કચેરી ભરીને બેઠા છે, તેવામાં પ્રધાને કહ્યું:—મહારાજા, અંજના બહેન માટે બે રાજકુમારોની ખબર મળી છે.

'તે કોણ છે ? પ્રધાનજી.' રાજાએ આનંદથી પૂછ્યું.

પ્રધાને કહ્યું:—મહારાજા, એકતો હિરણ્યાભ રાજાના પુત્ર વિદ્યુત્પ્રભ અને બીજા પ્રલ્હાદ રાજાના પુત્ર પવનંજય.

'બરાબર છે પ્રધાનજી, પણ તે બેમાં વધારે ગુણવાન કોણ ગણાય ?' મહારાજાએ પ્રશ્ન કર્યો.

પ્રધાને જવાબ આપ્યો:—મહારાજા, પવનંજય કરતા વિદ્યુત્પ્રભ ગુણમાં અધિક છે; પરંતુ મ્હને નિમિત્તિયાએ કહ્યું છે કે વિદ્યુત્પ્રભ અઢાર વર્ષની ઉંમરે તપ કરવા જંગલમાં ચાલ્યા જશે અને ૨૬ મે વર્ષે મોક્ષ પામશે. જ્યારે પવનંજય દીર્ઘાયુષી છે. તો અલ્પ આયુષ્ય વાળાને કન્યા આપવા કરતાં દીર્ઘાયુષી પવનંજયને અપાય તો વધારે સારૂં. કેમકે અલ્પકાળના સુખમાં લોભાઇ, પુત્રીને જીંદગી ભરના દુઃખમાં મૂકવી તે ઉચિત ન ગણાય.

આ સાંભળી મહેન્દ્ર રાજાએ પવનંજયની સાથે અંજનાનો વિવાહ કરવાનો નિશ્ચય કર્યો. એટલામાં પ્રલ્હાદ રાજા દેશાટન કરતા કરતા મહેન્દ્ર રાજાની રાજસભામાં આવી

પહોંચ્યા. મહેન્દ્ર રાજા તેમને દેખી ઘણા આનંદ પામ્યા અને સત્કારપૂર્વક યોગ્ય આસને બેસાડયા. ત્યારબાદ મહેન્દ્ર રાજાએ પોતાની પુત્રી અંજનાનો વિવાહ પવનંજય સાથે કરવાનો વિચાર પ્રલ્હાદ રાજાને જણાવ્યો.

પ્રલ્હાદ રાજા કબુલ થયા અને લગ્નનો દિવસ નક્કી કરી સ્વસ્થાનકે રત્નપુરીમાં આવી પહોંચ્યા.

થોડા દિવસ બાદ પવનંજયનું લગ્ન કરવા માટે પ્રલ્હાદ રાજા ચતુરંગી સેના લઇને વાજતે ગાજતે મહેન્દ્રપુરમાં આવ્યા અને નગર બહાર માનસ સરોવરપર તંબુ નાખી મુકામ કર્યો.

લગ્નને માત્ર ત્રણ જ દિવસની વાર હતી. એક રાત્રે સૂતા સૂતા પવનંજયને પોતાની ભાવિ પત્ની અંજનાને જોવાનો અને તેની સાથે વાતચિત કરવાનો વિચાર ઉદ્‌ભવ્યો. તેથી તે ઉભો થઇ પોતાના મિત્ર પ્રહસિત પાસે આવ્યો અને કહ્યું. ભાઈ, આજે મ્હને અંજનાને જોવાનો વિચાર થયો છે, કેમકે તેના રૂપ ગુણની પ્રશંસા સાંભળી મ્હારૂં મન તેને મળવા આતુર બન્યું છે. જો કે લગ્નને માત્ર ત્રણ જ દિવસની વાર છે, પરંતુ એટલો વખત ધીરજ રાખવી તે મારા માટે એક વર્ષ સમાન છે.

પ્રહસિતે જવાબ આપ્યો:—ભલે ભાઈ, જેવી તમારી ઇચ્છા. ું મહેન્દ્રપુરથી સારી રીતે પરિચિત છું. વળી મધ્ય રાત્રી ણ થઈ ગઇ છે. એટલે આપણને અંજનાના મહેલે જતાં રકત નહિં નડે.

એમ કહી બન્ને મિત્રો ચુપચુપ છાવણીમાં

નીકળ્યા અને મહેન્દ્રપુરમાં દાખલ થઈ દરબારગઢમાં આવી પહોંચ્યા. ત્યાં ઉભેલા એક પહેરેગીરને પોતાનો પરિચય આપી તેઓ શોભા અંજનાના મહેલમાં દાખલ થયા અને ગુપ્ત રીતે એક બાજુ ખૂણામાં ઉભા રહ્યા. તે વખતે અંજના પોતાની બે સખીયો સાથે વાર્તા વિનોદ કરતી હતી. અંજનાનું તેજસ્વી અને મોહક સ્વરૂપ દેખીને પવનંજય થડીભર સ્થંભી ગયા અને એકી ટશે અંજના સામે જોઈ રહ્યા.

અંજના પોતાની સખીઓ જોડે આનંદ કરી રહી છે. તેવામાં વસંત તિલકા નામની એક સખીએ કહ્યું. અંજના બ્હેન, ત્હમે તો બહુ જ ભાગ્યશાળી છો, કેમકે પવનજી જેવા તમને પતિ મળ્યા.

આ સાંભળી બીજી સખી મિશ્રકા બોલી:-પણ વસંત તિલકા, વિદ્યુત્પ્રભ જેવા પવનજી તો નહિં જ, કેમકે તેઓ અઢારમાં વર્ષે તપ કરશે, અને ૨૬ મે વર્ષે મોક્ષમાં જશે. આ સાંભળી અંજનાએ કહ્યું:-ખરેખર, ધન્ય છે તે વિદ્યુત્પ્રભને કે જેઓ આવું મહાન કાર્ય કરી જન્મ સફળ કરશે. તેમના ચરણમાં મારા હજારો નમસ્કાર છે.

વિદ્યુત્પ્રભના વખાણ કરતી અંજનાને પવનંજયે સાંભળી કે તરતજ તેના આખા શરીરમાં ક્રોધની જ્વાળા વ્યાપી ગઇ. તરત તેણે પાસે ઉભેલા પ્રહસિતને કહ્યું:-મિત્ર, સાંભળ્યું કે? અત્યારથી જ અંજના વિદ્યુત્પ્રભનું સ્મરણ કરે છે. કેવી દુષ્ટ છોકરી છે! આવી દુરાચરણી અને પ્રેમ વગરની સ્ત્રી પરણીને શો સાર કાઢવાનો છે? પ્રહસિત, જો હું હમણાંજ તેને તેના દુષ્ટ વિચારનો બદલો આપું છું. એમ

કહી પવનંજયે અંજનાને મારવા માટે પોતાનું બાણ તૈયા
કર્યું. તરતજ પ્રહસિતે કહ્યું. મિત્ર સબુર. સાહસ ન કર
ગમે તેમ તો તે એક સ્ત્રી જાતિ છે, ક્ષત્રિઓએ ગમે તેવી
અપરાધી સ્ત્રી જાતિનો વધ ન કરવો જોઇએ. માટે ચાલ,
આપણે અહિંથી હવે નીકળી જઇએ.

બંને મિત્રો અંજનાના મ્હેલમાંથી ગુપ્ત રીતે બહાર નીકળી છાવણીમાં આવી પહોંચ્યા. પવનંજયે પ્રહસિતને કહ્યું. ભાઇ, મ્હારે હવે અંજના સાથે પરણવું જ નથી. માટે આપણે જલ્દી રત્નપુરીમાં જતા રહીયે. આ સાંભળી પ્રહસિતે કહ્યું. ભાઈ, એમ ન બને. વડિલની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે નીતિ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. વળી તું લગ્ન કર્યા વગર છાનો માનો ચાલ્યો જાય, તો મહારાજા પ્રલ્હાદ અને સ્નેહિ જનોને કેટલો બધો આઘાત થાય! માટે ગમેતેમ પણ તારે અંજના સાથે લગ્ન તો કરવું જ જોઇએ. આખરે પવનંજયે મિત્રની સલાહ માન્ય કરી.

લગ્નદિવસ આવી પહોંચ્યો. અંજના અને પવનંજયનો હસ્તમેળાપ થયો. પોતાના પર પવનંજયને અભાવ થયો છે, તેવો અંજનાને સ્વપ્નેય પણ ખ્યાલ ન હતો. હસ્ત મેળાપ થતાં અંજનાના આનંદનો પાર રહ્યો નહિ; પરંતુ પવનંજયને હસ્તમેળાપ અગ્નિના અંગાર જેવો વસમો લાગ્યો. તેમ છતાં જેમ તેમ કરી ફેરા ફરાતાં મને લગ્નક્રિયા પૂરી કરી. મહેન્દ્રરાજાએ અંજનાને પુષ્કળ કરિયાવર આપ્યો. સાથે સંતતિલકા સખીને મોકલી. પવનંજય અને અંજના લગ્ન બંધથી જોડાઈ રત્નપુરીમાં આવી પહોંચ્યા. અંજના

સસરાને પગે પડી. પ્રહ્લાદ રાજા અને રાણીએ નવ-દંપતિને આશિર્વાદ આપી પુષ્કળ રત્નાદિ આભરણો આપ્યાં. અંજના પવનંજય વાળા મહેલમાં દાખલ થઈ અને પોતાના જીવનનું અહોભાગ્ય માનવા લાગી.

રાત્રિ થઈ. અંજના પતિદેવ પધારવાની વાટ જોવા લાગી. પણ પવનંજય આવ્યા નહિ. જેમ જેમ રાત્રિ જતી જાય, તેમ તેમ અંજના ક્ષણેક્ષણે પવનંજયનું સ્મરણ કર્યા કરે. પવનંજયને પોતાના પર તિરસ્કાર થયો છે અને તે આવવાના જ નથી, એ બીચારી અંજનાને ક્યાં ખબર છે! આખી રાત્રિ પસાર થઈ, પરંતુ પવનંજયના દર્શન અંજનાને દુર્લભ થઈ પડયાં. સવાર થતાં વસંતતિલકાને વાત કરી, પણ વસંતતિલકા શું જાણે! બીજો દિવસ ગયો, ત્રીજો દિવસ ગયો, પણ પવનંજય દિવસે કે રાત્રિયે અંજનાના મહેલ તરફ દૃષ્ટિ પણ કરતા નથી. અંજના સમજી કે ગમે તે કારણ હોય, પણ હાલ મ્હારા પર કુદરતનો કોપ ઉતર્યો લાગે છે.

કેટલાક દિવસ વીત્યાબાદ એકવાર અંજનાના પિતાએ તેના માટે મેવો, મિઠાઈ અને આભરણો મોકલાવ્યાં. અંજનાએ તે સઘળું વસંતતિલકા જોડે પવનંજયને મોકલાવ્યું. પવનંજયે તે હાથમાં લઈને, વસંતતિલકાના દેખતા મેવો, મિઠાઈ ત્યાં ગાનાર ગવૈયાને આપી દીધાં, વસ્ત્રના ચૂરેચૂરા કરી નાખ્યા, અને ઘરેણાં ચંડાળને આપી દીધાં. આ જોઈ વસંતતિલકા એકદમ ચૂપચૂપ ત્યાંથી ચાલી ગઈ, અને અંજના પાસે આવીને સવિસ્તર હકીકત જાહેર કરી. અંજના સમજી કે ખરેખર મ્હારા સ્વામી મ્હારા પર કોપાયમાન થયા લાગે

છે. અંજના સદ્દગુણી હતી, ગંભીર હતી અને સહન શીલતાની મૂર્તિ હતી. તે મનોગત બોલી:–આમાં પવનંજયનો શો વાંક ? વાંક તો મારાં કર્મનો જ. પૂર્વે મેં એવું પાપકર્મ કર્યું હશે, કે જેથી હું અત્યારે મ્હારા પતિની દૃષ્ટિમાં તિરસ્કારને પાત્ર બની છું; ખેર. એમ વિચારી તે પતિદેવનું અહર્નિશ શુભ ઇચ્છતી, ધર્મધ્યાનમાં વખત વ્યતિત કરવા લાગી.

* * *

સમય સમયનું કાર્ય કર્યે જાય છે. પતિના વિયોગમાં બાર બાર વર્ષનાં વહાણાં વહી ગયાં છે. પવનંજય અંજના તરફ દૃષ્ટિ સરખી પણ કરતા નથી. અંજના પોતાના આત્માની નિંદા કરતી પંચપરમેષ્ઠિનું હરહંમેશ સ્મરણ કર્યા કરે છે.

એકવાર લંકાના રાજા રાવણનો દૂત રત્નપુરીની રાજસભામાં આવ્યો અને પ્રહ્લાદરાજાને કહ્યું. મહારાજા, દુષ્ટબુદ્ધિ વરૂણ અમારા રાજા રાવણને તાબે નહિ થતાં યુદ્ધ કરવા માગે છે, તો આપ લશ્કર લઇ મદદે વેળાસર પધારો, એવું અમારા રાજા રાવણે અન્ય રાજાઓની જેમ આપને પણ કહેવરાવ્યું છે. પ્રહ્લાદ રાજાએ જવાબ આપ્યોઃ–ભલે દૂત. હમણાંજ હું લશ્કર લઇ મદદે આવી પહોંચું છું. ફીકર કરશો નહિ. એમ કહી પ્રહ્લાદ રાજાએ લશ્કરની તૈયારી કરવા માંડી. આ વાતની પવનંજયને ખબર પડી, એટલે તેમણે રાજાની પાસે આવીને કહ્યું. પિતાજી, યુદ્ધમાં જવાની મને પરવાનગી આપો, કેમકે આપે હવે યુદ્ધકાર્યમાંથી

નિશ્ચિંત થવું જોઇએ. હું દુશ્મન વરુણને હરાવી મહાબળ રાવણનો જય કરાવીશ. પ્રહ્લાદે પવનંજયને યુદ્ધમાં નહિ જવા માટે ઘણું કહ્યું, પરંતુ પવનંજયનો ખૂબ આગ્રહ જોઈ આખરે પ્રહ્લાદ રાજાને તેને યુદ્ધમાં મોકલવાની પરવાનગી આપવી પડી. પવનંજય યુદ્ધમાં જવા માટે તૈયાર થયા

આ વાતની આખા ગામમાં ખબર પડી ગઇ. અંજનાને કાને પણ આ વાત આવી. પવનંજય લશ્કરી પોશાક પહેરી તૈયાર થઇ માતાપિતાની રજા લેવા મહેલમાં આવ્યા. માતાપિતાની રજા માગી. ભાઇ ભોજાઇને મળ્યા, સગાંવ્હાલાંને મળ્યા, પણ તે અંજનાના દ્વારે આવ્યાજ નહિ. આથી અંજનાને પારાવાર દુઃખ થયું. તેણે વિચાર કર્યો કે હું રાજદ્વારે જઇને પતિદેવને યુદ્ધવિજયનો આશીર્વાદ આપું, એમ ધારી વસંતતિલકા પાસે તેણે દહીં મંગાવ્યું અને તે એક સુવર્ણના કચોળામાં ભરીને, રાજ્યદ્વાર પાસે આવી, એક ખૂણામાં ભીંતને અઢેલીને અંજના સ્થિરવત્ ઉભી રહી.

પવનંજય સર્વની રજા લઇ રાજદરબારમાંથી બહાર નીકળ્યા કે તરતજ દૂર ઉભેલી અંજના પર તેની દૃષ્ટિ પડી. તે તેને ઓળખી શક્યો નહિ. સ્થિર ઉભેલી અંજનાને જોઇ પવનંજયે તેના મિત્ર પ્રહસિતને આશ્ચર્યથી પૂછ્યું:—અહો, આ સામેની ભીંત પર આવું સુંદર ચિત્ર કયા કુશળ ચિત્રકારે ચીતર્યું !

મિત્રે જવાબ આપ્યો:—પવનંજય, તે ચિત્ર નથી પણ તમારી પત્ની અંજના છે.

અંજનાનું નામ સાંભળતાંજ પવનંજયના શરીરમાં

વ્યાપી ગયો. તે બોલ્યો:-અરે! હજુયે તે મારો કેડો મૂકતી નથી, અને યુદ્ધ જેવા પ્રસંગે મને અપશુકન આપવા આવી છે? એમ કહેતાંજ રોષપૂર્વક પવનંજય અંજના પાસે જઈ પહોંચ્યો. અને જોરથી તેણે પોતાના પગ વડે અંજનાને લાત મારી. અંજના એકદમ તમ્મર ખાઈ જમીન પર પટકાઈ પડી અને બેહોશ બની ગઈ. પવનંજય તેની અવગણના કરી સત્વર ત્યાંથી ચાલ્યો ગયો. વસંતતિલકા દૂરથી આ કારણું દ્રશ્ય દેખીને અંજના પાસે આવી પહોંચી. જળ છંટકાવ અને પવનના ઉપચાર વડે તેણે અંજનાને શુદ્ધિમાં આણી અને સ્વસ્થાનકે લઈ ગઈ. આટલું થયાં છતાંય, અંજનાનો પતિ પ્રત્યેનો સદ્‌ભાવ જરાયે ઓછો થયો ન હતો. તે મનપૂર્વક પતિદેવનો યુદ્ધમાં વિજય ઈચ્છી, પતિના શુભ ચિન્તવનમાંજ સમય પસાર કરવા લાગી.

હવે પવનંજય લશ્કર સાથે યુદ્ધમાં જાય છે. ચાલતાં ચાલતાં સાંજ પડી, એટલે વગડામાં તંબુ નાખીને એક સ્થળે તેમણે પડાવ કર્યો. થોડા વખત બાદ ચંદ્રદેવ આકાશમાંથી બહાર નીકળ્યા. આખું જંગલ પ્રકાશની ભવ્ય રોશનીથી છવાઈ ગયું. જમીપરવારી પવનંજય અને પ્રહસિત વિનોદ વાર્તાલાપ કરતા બેઠા હતા, તેવામાં અચાનક પવનંજયની દ્રષ્ટિ થોડેક દૂરના એક સરોવર પર પડી. તે વખતે સરોવરમાં એક ચક્રવાક પક્ષીનું યુગલ ચાંચમાં ચાંચ મીલાવી પ્રેમક્રિડા કરતું હતું: પવનંજય એકી ટગે તે પક્ષીનાં જોડાં તરફ જોઈ રહ્ય [illegible] તેવામાં ચક્રવાક પક્ષી રાત્રી પડવાથી [illegible] પક્ષીથી છૂટું પડી ગયું.

ચક્રવાકી, ચક્રવાક ઉડી જવાથી તેના વિરહે ઝૂરવા લાગી; અને આડી અવળી ચાંચો અફાળી આક્રંદવિલાપ કરવા લાગી. આ જોઇ પવનંજય આશ્ચર્ય પામી બોલી ઉઠયોઃ મિત્ર પ્રહસિત, જો પેલી ચક્રવાકી ત્હેનો સ્વામી જતો રહેવાથી, કેટલી બધી વેદના પામે છે! જે આખો દિવસ પ્રેમ—આનંદ અનુભવે છે, અને માત્ર રાત્રિનાજ વિયોગે અથાગ ઝુરણા કરે છે, તો મ્હારા જેવો અધમ માણસ, જે સ્ત્રીને પરણીને, દિવસે કે રાત્રિએ, આજ બારબાર વર્ષ થયાં સામું જોતો નથી, તે સ્ત્રીને પતિવિરહે કેટલો પરિતાપ થતો હશે? મિત્ર પ્રહસિત, શું ત્હને લાગે છે કે અંજના નિષ્કલંકિની હશે? પવનંજય સદ્દભાવ આવતાં બોલ્યો.

પ્રહસિતે કહ્યું: મિત્ર પવનંજય, અંજના એ એક મહાસતી રત્ન છે. તેની તને ખબર નથી. આટઆટલાં વર્ષો સુધી તેં એનો ત્યાગ કર્યો, યુદ્ધ સમયે તે તને શુભ શુકન આપી તારૂં દર્શન કરવા આવતી હતી, તે વખતે પણ તેં તેનો તિરસ્કાર કર્યો, છતાં પણ તેના શુદ્ધ અંતઃકરણમાં ત્હારા પ્રત્યે લેશમાત્ર પણ તેને અભાવ થયો નથી. પ્રતિક્ષણે તે તારૂંજ સ્મરણ કર્યા કરે છે અને તારૂં શુભ ઇચ્છે છે. ગમે તેવો પતિ મૂર્ખ, અભણ, ક્રૂર કે ક્રોધી હોય; પરંતુ સતી સ્ત્રીઓને તો તે પ્રભુતુલ્ય જ છે. પતિને સંતાપનારી, પગલે પગલે કટુ શબ્દો વડે પતિને તિરસ્કારનારી અને પતિના હૃદયને ખેદ પમાડનારી પણ જગતમાં અનેક સ્ત્રીઓ છે. પણ સાચેજ અંજના જેવી હજારો બલ્કે લાખોમાં જવલ્લેજ હશે! ભાઇ, અંજના એક પતિવ્રતા અને પતિભક્ત સન્નારી

છે. તેં તેનો વિના વાંકે જ ત્યાગ કર્યો છે. તું જો તેને મળીશ તો તને ખાત્રી થશે કે તે એક નિષ્કલંકીત અને પવિત્ર સ્ત્રી છે. આ સાંભળી પવનંજય બોલ્યોઃ-ભાઇ, ચકવાકીનો વિરહ જોઇ મ્હને અંજના પ્રત્યે સદ્ભાવ થયો છે અને તેને મળવા મારૂં મન અત્યારે તલપાપડ થઇ રહ્યું છે, માટે ચાલ. આપણે બંને અત્યારે તેને મ્હેલે જઇએ. કારણ કે મધ્યરાત્રી થઇ છે, અને છાવણીમાં બધા ઉંઘે છે. આપણે વ્હેલી સવારે પાછા આવી જઇશું અને પછી લશ્કર સાથે આગળ કૂચ કરીશું.

બહુ સારૂં. એમ કહી બંને મિત્રો ઘોડેસ્વાર થઇ છાવણીમાંથી બહાર નીકળ્યા અને શહેરમાં દાખલ થઇ અંજનાવાળા મ્હેલ પાસે આવી પહોંચ્યા.

રાત્રિના બારેક વાગ્યા હશે. આખું નગર શાંત નિંદ્રા લેતું હતું. માત્ર અંજના પતિ વિયોગે કલ્પાંત કરતી અને પોતાના કર્મને દોષ દેતી અર્ધજાગૃતાવસ્થામાં હતી. અંજનાના આવાસથી થોડેક દૂર પવનંજય ઉભો રહ્યો. અને પ્રહસિત આગળ આવી મહેલનું દ્વાર ખખડાવવા લાગ્યો. આ સાંભળી વસંતતિલકા જાગી ઉઠી. પરિચિત અવાજ સાંભળી તેણે દ્વાર ઉઘાડયું. પ્રહસિતે અંદર પ્રવેશ કરતાં કહ્યું. વસંતતિલકા, અંજના ક્યાં છે?

વસંત તિલકાએ કહ્યુંઃ-અંજનાબ્હેન પાછળના ખંડમાં સૂતા છે. પરંતુ આપનું અચાનક અહિં કેમ આગમન થયું? આપ તો પવનંજય સાથે યુદ્ધમાં ગયા હતા ને!

'હા, તે વાત ખરી છે, પણ પવનંજયને અંજ પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન થયો છે તેથી તેઓ મારી સાથે તે મળવા માટે અહિં આવેલા છે.'

અચાનક પુરૂષનો થતો અવાજ અંજનાના કાને પડયો અંજના સફાળે જાગૃત થઇ ગઇ અને દિવાનખાનાની બહાર આવી બોલી ઉઠી:-અત્યારે અર્ધ રાત્રિએ મ્હારા મ્હેલમાં કયા દુષ્ટ પુરૂષે પ્રવેશ કર્યો? જલદી બહાર નીકળો; નહિતો હમણાંજ હું બૂમ મારી તમારી અવદશા કરાવીશ.

આ સાંભળી પ્રહસિત બોલ્યો:-બ્હેન, હું પવનંજયનો મિત્ર પ્રહસિત છું.

પવનંજયનું નામ સાંભળતાં અંજના હર્ષાવેશથી બોલી ઉઠી:—પ્રહસિત, તમારા તે મિત્ર કુશળ છે ને?

'હા, અંજના બ્હેન. પવનંજયને તમારા પર સ્નેહ-ભાવ જાગૃત થયો છે. તેથી તમને મળવા માટે તેઓ મારી સાથે જ અહિં આવ્યા છે.'

'કયાં છે મ્હારા વ્હાલા પ્રાણાધાર?' અંજના આવેશ-પૂર્વક બોલી ઉઠી.

એટલામાંજ પવનંજયે મહેલમાં પ્રવેશ કર્યો. વસંતતિલકા અને પ્રહસિત એક બાજુ ચાલ્યા ગયા. પવનંજય અને અંજનાનો મેળાપ થયો. તેઓ દિવાનખાનામાં ગયા. પવનંજયે અંજનાને દુઃખ આપ્યા બદલ ક્ષમા માગી. અંજનાએ પોતાના પૂર્વકર્મનો દોષ કાઢી પવનંજયને તેમ કરતા વાર્યા. બંનેએ ત્યાં સુખ દુઃખની વાતો કરી આંસુ સાર્યાં. પવનંજયે,

કારણથી અંજનાનો ત્યાગ કરેલો, તે કારણની તેને ખાત્રી તાં ખૂબ પશ્ચાત્તાપ થયો. તેણે અંજનાની સહનશીલતા ને પતિભક્તિ માટે ધન્યવાદ આપ્યો. બાકીની રાત્રી આ દંપએ પ્રેમ સુખમાં પસાર કરી. આ વખતે બંને સ્નેહી યુગને કેટલો આનંદ થયો હશે, તેનું વર્ણન કરવું અશક્ય છે.

પ્રભાત થવા આવ્યું હતું, એટલે પવનંજયે છાવણીમાં વા માટે અંજનાની રજા માગી. દુઃખિત મને અંજનાને જા આપવી પડી. પરંતુ અંજના બોલી:–નાથ, આપના સંયોગથી કદાચ મ્હને ગર્ભ રહે અને કોઈ મારા પ્રત્યે ખરાબ શંકા લાવે નહિ, એટલા માટે આપ મ્હને આવ્યાની નિશાની તરીકે કંઇક આપતા જાવ. કેમકે હમણાં જ હું રજસ્વલાપણામાંથી મૂક્ત થઈ છું. પવનંજયે નિશાની તરીકે અંજનાને પોતાના નામ વાળી હીરાની વીંટી આપી. અને અંજના તરફનો શુભ-આશીર્વાદ ગ્રહણ કરી પ્રહસિત સાથે પવનંજય છાવણીમાં આવી પહોંચ્યો.

હવે અંજનાને પવનંજય આવ્યા તેજ દિવસે ગર્ભ રહ્યો છે. ગર્ભનું રક્ષણ કરતાં સાત માસ વ્યતિત થયા છે, તેવામાં એકવાર અંજનાની સાસુ કેતુમતી, અંજના શું કરે છે તે જોવા સારૂ તેના મ્હેલે આવી. અંજનાએ સાસુનો સ્નેહપૂર્વક સત્કાર કર્યો. સાસુની દૃષ્ટિ અંજના પર પડતા તેણે અંજનાનું વિકસેલું સૌંદર્ય અને વૃદ્ધિ પામેલો ઉદર ભાગ જોયો. જોતાંજ તેના હાડેહાડમાં ક્રોપની જ્વાળા વ્યાપી ગઇ. તે તિરસ્કારયુક્ત શબ્દે બોલી:–અંજના, આ તેં શું કર્યું?

હે કુલટા, તેં ઘરમાં આવી અમારી આબરૂને કલંક લગાડયુ પાપિણી, ધણી પરદેશ જાય, ત્યારે તું પરાયા પુરૂષન સંગ કરી જાર કર્મ સેવે છે ? રે દુષ્ટા ! હું હમણાંજ તા સસરાને કહી અહિંથી તને કઢાવી મૂકું છું.

આ સાંભળી અંજના ભયથી સ્તબ્ધ બની ઉભી રહી અ વિવેકપૂર્વક સાસુ પ્રત્યે બે હાથ જોડી બોલી:–સાસુજી, મ્હાર પર ખોટું આળ ન મૂકો. તમારા પુત્ર યુદ્ધમાં ગયા તેજ દિવસે તેઓ રાતના મારા મહેલે આવ્યા હતા, અને નિશાની તરીકે મને તેમની નામવાળી આ વીંટી આપતા ગયા છે, એમ કહી અંજનાએ તે વીંટી કેતુમતીના હાથમાં મૂકી.

વીંટી જોઇ કેતુમતીના ક્રોધમાં ઉમેરો થયો. લાલચોળ નેત્રો કરી તે બોલી:–જા. જા. લુચ્ચી. છેતરવા આવી છું ? હું નથી જાણતી કે જે દિવસે તે ગયા, તેજ દિવસે તારો તિરસ્કાર કરીને ગયા છે, ને ઉલટી ખોટી રીતે તું તેમને ગળે પડે છે ! બોલ, આ વીંટી તું કયાંથી ચોરી લાવી ? સાચું કહે, નહિ તો હું ઘડીવાર તને અહિં નહિ રહેવા દઉં.

સાસુના ભયંકર શબ્દો સાંભળી અંજનાનું હૃદય દુઃખથી ભરાઇ આવ્યું. તેના નેત્રોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યાં. આંસુ લૂછતાં લૂછતાં અંજના બોલી:–સાસુજી, હું સાચુંજ કહું છું. હું તદ્દન નિર્દોષ છું. આ વસંતતિલકાને પણ પૂછી જુઓ, તેમ છતાં તમને વિશ્વાસ ન આવે તો પવનંજય પધારે ત્યાં સુધી મને તમારી પાસે રાખો. હું ઘરનું તમામ કામકાજ ચાકરડી - રીશ અને એઠું જુઠું ખાઇને રહીશ.

સાસુનો ક્રોધ તો મ્હાતોજ ન હતો. તે બોલીઃ—મ્હ
રાજ્યમાં ત્હારા જેવી વ્યભિચારિણી કુલટાના પગલાંજ નહિ
એમ કહી ક્રોધથી ધમધમતી તે ત્યાંથી ચાલી ગઈ
તેણે પ્રહ્લાદ રાજાને કાન ભંભેરણી કરી ઉશ્કેર્યો અને કહ્યું
અત્યારે ને અત્યારેજ અંજનાને કાળાં વસ્ત્ર પહેરાવી, કાળા
રથમાં બેસાડી તેના પિયરને રસ્તે મોકલી આપો.

કેતુમતીના જહાંગીરી હુકમનો અમલ થઇ ગયો. પ્રહ્લાદ
રાજાને પણ અંજનાની લેશ માત્ર પણ દયા ન આવી. રાજાએ
સારથીને બોલાવી અંજનાને કાળાં વસ્ત્ર પહેરાવી કાળા રથમાં
બેસાડી અધવચ જંગલમાં મૂકી આવવાનું સૂચન કર્યું.
હુકમ મુજબ સારથી અંજનાના મ્હેલે આવ્યો. દાસી મારફત
કાળાં વસ્ત્રો મોકલાવી, રથમાં બેસી જવાનું કહેવડાવ્યું. અંજના
વસંતતિલકા પાસે પૂબ રડી. વસંતતિલકાએ તેને આશ્વાસન
આપ્યું. બંને જણા રથમાં બેસી ગયા. રથ પૂર વેગે જંગલ
ભણી ચાલ્યો.

સાંજ પડતાં પડતાં રથ અધવચ જંગલમાં ઘણે દૂર
આવી પહોંચ્યો. સારથીએ અંજનાને કહ્યું-બ્હેન, હવે નીચે
ઉતરો. મહારાજાનો હુકમ છે કે આપને અધવચ જંગલમાં
છોડીને આવતા રહેવું. બ્હેન, મ્હને આપને અહીં મૂકતાં ઘણું
દુઃખ થાય છે; પરંતુ શું કરીએ ? મહારાજાનો હુકમ ન માનીએ
તો અમારા બૂરા હાલ થાય.

ભલે ભાઇ, એમાં તું શું કરે. તેમની આજ્ઞા પ્રમાણે
તારે વર્તવુંજ જોઇએ. અમારૂં અહિં ગમે તે થાય તેની
ફિકર ન કરીશ. પરમાત્મા અમારૂં રક્ષણ કરશે

સારથી બોલ્યો:–બ્હેન, અહિંયાથી આ રસ્તો મહેન્‍ જાય છે, તો આપ તે રસ્તે જશો. ભલે ભાઇ, ખુશીથી જાવ. અંજનાએ જવાબ આપ્યો.

અંજના અને વસંતતિલકાને છોડી સારથી રથ વળી નીકળ્યો અને રત્નપુરમાં આવી પહોંચ્યો. જંગ વિકાળ વાઘ સિંહની ભયંકર ગર્જનાઓ સંભળાવા લ બંને સ્રીઓ ધ્રુજવા લાગી. છતાં હિંમત રાખી અંજના અ પૂર્વક પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવા લાગી.

બ્હેન, દુઃખ વખતે સ્રીઓને પિયરનો આશ્રય ન હોય, ત્યારે કોનો હોય ? તું મનમાં જરાપણ સંકોચાઇશ નહિ. ત્હારા પ્રેમાળ માતા પિતા અને ભાઇઓ ખુશીથી ત્હને આશ્રય આપશે. વસંતતિલકાએ જણાવ્યું.

અંજના કમને કબુલ થઇ. રાત્રીનો સમય હતો. બંને સ્રીઓ કાંટા કાંકરા ખુંદતી, ઝાડવૃક્ષ વટાવતી થોડા વખતમાં મહેન્દ્રપુરમાં આવી અને દરબાર ગઢમાં દાખલ થઇ, મહારાજાના મહેલ પાસે આવી પહોંચી.

આ વખતે મહારાજા મહેન્દ્ર અને રાણી હ્રદયસુંદરી એકાંતભુવનમાં વાર્તાલાપ કરતાં બેઠા હતાં. અંજનાએ પહેરેગીરને પોતાનો પરિચય આપી મહારાજાને ખબર આપવાનું કહ્યું. પહેરેગીર એકદમ દોડતો મહારાજા પાસે આવી પહોંચ્યો અને કહ્યું. મહારાજા સાહેબ, અંજના બ્હેન કાળાં વસ્રો પ્હેરી, વસંતતિલકા સાથે અહિં પધાર્યા છે, અને અંદર આવવા માટે આપની અનુજ્ઞા માગે છે !

આ સાંભળી મહેન્દ્ર રાજાએ આશ્ચર્ય પામી રાણીને કહ્યું:—અંજના કાળાં વસ્રોમાં આવી છે તેથી શું તે વ્યભિચારી હશે ?

અંજનાના દુર્ભાગ્યે રાણીના હ્રદયમાંથી પણ દયાનો
ાશ થઇ ગયો. તે બોલી: એમજ હોવું જોઇએ. નાથ,
હિતો તેના સાસરીયા આવી રીતે તેને તરછોડે ખરા કે !
ી આપણે જાણીયે છીએ કે પવનંજયે તો પરણીને તર-
તેનો ત્યાગ કર્યો છે. જરૂર પુત્રીએ આપણી આબરૂ
મેળવી દીધી. થઇ રહ્યું ! પ્રેમાળ માતાપિતાને

સારથી બોલ્યો:-બ્હેન, અહિંયાથી આ રસ્તો મહેન્દ્રપુર જાય છે, તો આપ તે રસ્તે જશો. ભલે ભાઇ, ખુશીથી તમે જાવ. અંજનાએ જવાબ આપ્યો.

અંજના અને વસંતતિલકાને છોડી સારથી રથ લઇ વળી નીકળ્યો અને રત્નપુરમાં આવી પહોંચ્યો. જંગલમાં વિકાળ વાઘ સિંહની ભયંકર ગર્જનાઓ સંભળાવા લાગી. બંને સ્ત્રીઓ ધ્રુજવા લાગી. છતાં હિંમત રાખી અંજના આનંદ પૂર્વક પંચપરમેષ્ઠિનું સ્મરણ કરવા લાગી.

સતનો બેલી શ્રી પ્રભુ! તે ન્યાયે પરમાત્માએ તેમનું રક્ષણ કર્યું. તેઓ વનમાં આમતેમ ફર્યા. આસપાસથી ફળફળાદિ વીણી લાવી તેનો આહાર કર્યો. તેવામાં કોઈ એક જૈન મહાત્મા તેમની નજરે પડયા. અંજનાના પવિત્ર હ્રદયમાં આશાનું કિરણ સ્ફુર્યું. સત્વર તેઓ મુનિ પાસે ગયા, અને ભાવપૂર્વક તેમને વંદન કર્યું. અંજનાએ મુનિને પોતાનો આત્મ-વૃત્તાંત કહ્યો. મુનિએ કહ્યું. હે સતી, ઝુરણા ન કર. દુઃખ વખતે ધીરજ ધરવી જોઇએ. નાહક કલેશ કરવાથી આપણું દુઃખ મટી શકતું નથી, પણ નવું દુઃખ ઉત્પન્ન થાય છે, માટે શાંતિથી સહન કરજે. થોડાજ વખતમાં તારો ભાગ્યોદય થશે. એટલું બોલી મુનિ અંતર્ધ્યાન થઇ ગયા.

વસંતતિલકાએ અંજનાને કહ્યું:-બ્હેન, ચાલો ત્યારે આપણે પિતાને ત્યાં મહેન્દ્રપુરમાં જઇએ.

અંજના બોલી:-બ્હેન, આવાં કલંકિત વસ્ત્રોથી પિયરમાં જવા મ્હારો પગ ઉપડતો નથી.

બ્હેન, દુઃખ વખતે સ્ત્રીઓને પિયરનો આશ્રય ન હોય ...ારે કોનો હોય ? તું મનમાં જરાપણ સંકોચાઇશ નહિ. ત્હારા પ્રેમાળ માતા પિતા અને ભાઇઓ ખુશીથી ત્હેને આશ્રય આપશે. વસંતતિલકાએ જણાવ્યું.

અંજના કમને કબુલ થઈ. રાત્રીનો સમય હતો. બંને સ્ત્રીઓ કાંટા કાંકરા ખુંદતી, ઝાડવૃક્ષ વટાવતી થોડા વખતમાં મહેન્દ્રપુરમાં આવી અને દરબાર ગઢમાં દાખલ થઇ, મહારાજાના મહેલ પાસે આવી પહોંચી.

આ વખતે મહારાજા મહેન્દ્ર અને રાણી હૃદયસુંદરી એકાંતભુવનમાં વાર્તાલાપ કરતાં બેઠા હતાં. અંજનાએ પહેરેગીરને પોતાનો પરિચય આપી મહારાજાને ખબર આપવાનું કહ્યું. પહેરેગીર એકદમ દોડતો મહારાજા પાસે આવી પહોંચ્યો અને કહ્યું. મહારાજા સાહેબ, અંજના બ્હેન કાળાં વસ્ત્રો પ્હેરી, વસંતતિલકા સાથે અહિં પધાર્યા છે, અને અંદર આવવા માટે આપની અનુજ્ઞા માગે છે !

આ સાંભળી મહેન્દ્ર રાજાએ આશ્ચર્ય પામી રાણીને કહ્યું:—અંજના કાળાં વસ્ત્રોમાં આવી છે તેથી શું તે વ્યભિચારી હશે ?

અંજનાના દુર્ભાગ્યે રાણીના હૃદયમાંથી પણ દયાનો ...નાશ થઇ ગયો. તે બોલી: એમજ હોવું જોઈએ. નાથ, ...નહિતો તેના સાસરીયા આવી રીતે તેને તરછોડે ખરા કે! ...ણી આપણે જાણીયે છીએ કે પવનંજયે તો પરણીને તર... જ તેનો ત્યાગ કર્યો છે. જરૂર પુત્રીએ આપણી આબરૂ ...ળ મેળવી દીધી. થઇ રહ્યું ! પ્રેમાળ માતાપિતાને ...ર

પરનો અપરિમિત સ્નેહ ક્ષણવારમાં નષ્ટ થઈ ગયો અને તેની જગ્યાએ તિરસ્કારની લાગણી જાગૃત થઇ. તરતજ પહેરેગીરને મહારાજાએ કહ્યું:—પહેરેગીર, અંજનાને જણાવી દે, કે કલંકિત પુત્રીનું મ્હારે કામ નથી. તે તેના રસ્તે ચાલી જાય.

પહેરેગીરે ઉપરના ખબર અંજનાને આપ્યા. તે સાંભળતાં જ અંજના એકદમ મૂર્છિત થઇ જમીન પર ઢળી પડી. વસંતતિલકાએ તેને પવન નાખી જાગ્રત કરી. પછી તેણે કહ્યું. અંજના બ્હેન, ચાલો ત્યારે તમારા ભાઇ પાસે. તેમનો તમારા પર ઘણો સ્નેહ છે. તેઓ જરૂર તમને આશ્રય આપશે.

અંજના અને વસંતતિલકા મોટા ભાઇને આવાસે આવ્યા. અંજનાને કાળાં વસ્ત્રમાં દેખી મ્હોટા ભાઈ ને ઘણો ખેદ થયો, છતાં નિરાધાર બ્હેનને આશ્રય આપવો, એવો તેણે વિચાર કર્યો; પણ તેવામાં જ મહેલમાંથી અંજનાની ભોજાઇ ભભૂકી ઉઠી. માતાપિતા અંજનાનો તિરસ્કાર કરે, અને તમારે તેમના ઉપરવટ થઈને રાખવા છે? તે નહિ બને. બસ થઈ રહ્યું, અંજનાનું ભાગ્ય પરવારાઇ ગયું. એક પછી એક અંજના બધા ભાઇઓ પાસે ગઇ, પણ કોઈએ તેને આશ્રય આપ્યો નહિ. આખરે અંજના પોતાના કર્મને દોષ દેતી વસંતતિલકા સાથે જંગલમાં આવી પહોંચી અને એક ગુફાનો આશ્રય લઇ ધર્મધ્યાનમાં સમય વીતાવવા લાગી. અહિં અંજનાએ એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. અઘોર અરણ્યમાં અને દુઃખી અવસ્થામાં પુત્રનો જન્મોત્સવ શી રીતે ઉજવવો, એ વિચારે અંજનાને ખૂબ લાગી આવ્યું.

તે છતાં દ્રઢ મન કરી પોતાના કર્મને દોષ આપી અંજના દિવસો નિર્ગમન કરવા લાગી.

એકવાર અંજના આત્મચિંતન કરતી બેઠી હતી, તેવામાં દૂરથી એક ભયંકર સિંહ છલંગ મારતો તેની તરફ ધસી આવતો હતો. સિંહને જોઇ અંજના ગભરાટમાં પડી અને પોતાનું તથા પુત્રનું રક્ષણ શી રીતે થશે, એ વિચારે તે મુંઝાઈ, અને નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી. જોતજોતામાં સિંહ ગુફામાં દોડી આવ્યો, અને જેવો જ તે ફલાંગ મારીને અંજના પર ધસવા જાય છે, તેવામાં દૂરથી સણુણુ કરતું એક બાણુ આવ્યું અને સિંહના માથામાં વાગ્યું. સિંહ તરતજ મૂર્છા ખાઇ જમીન પર ઢળી પડયો. અંજના અને વસંતતિલકા મૃત્યુના મુખમાંથી બચ્યા, તે માટે તેઓ ઈશ્વરનો ઉપકાર માનવા લાગ્યા અને બાણુ કયાંથી આવ્યું તે જોવા માટે આસપાસ નજર કરવા લાગ્યા. તેવામાં મૃગયા રમવા માટે નીકળેલો હનુરૂ નગરનો રાજા પ્રતિસૂર્ય તેમની નજરે પડયો. પ્રતિસૂર્યે પાસે આવીને જોયું તો તેણે પોતાની ભાણેજ અંજનાને જોઈ. જોતાં જ તે આશ્ચર્યચકિત થઇ ગયો. તેણે અંજનાને તેનો હેવાલ પૂછયો. વસંતતિલકાએ સઘળો વૃત્તાંત જણાવ્યો. પ્રતિસૂર્યે અંજનાને સાન્ત્વન આપ્યું અને ત્રણે જણને રથમાં બેસાડી તે પોતાના હનુરૂહ નગરે લઇ ગયો. અંજનાનો પુત્ર હનુરૂહમાં ઉછર્યો, તેથી તેનું નામ હનુમાન પાડયું. (આજ હનુમાને રામ-રાવણના યુદ્ધમાં રામને મદદ કરી હતી.) અહિં અંજના સુખપૂર્વક દિવસો વિતાવવા લાગી. છતાં પોતાનાં પર આવેલ કલંક-

પત્તો ન લાગે તો મ્હારે અગ્નિમાં પડી બળી મરવું ! એવી પ્રતિજ્ઞા લઇ પવનંજય પોતાના મિત્ર પ્રહસિતને સાથે લઇ અંજનાની શોધમાં નીકળી પડયો.

આ ભિષ્મ પ્રતિજ્ઞાથી ચારેકોર હાહાકાર વરતાઈ રહ્યો. પ્રલ્હાદ રાજાએ પુનઃ પુષ્કળ માણસો અંજનાની શોધ માટે દોડાવ્યા. મહેન્દ્ર રાજાને પણ આ વાતની ખબર પડતાં દુઃખનો પાર રહ્યો નહિ. તેણે પણ અનેક માણસો અંજનાની શોધમાં મોકલી આપ્યા.

ઓગણત્રીસ દિવસ પસાર થઇ ગયા હતા. પવનંજયને પવિત્ર સતીના સ્નેહ માટે બળી જવાની માત્ર એકજ દિવસની વાર હતી. મહારાજા પ્રલ્હાદ અને રાણી કેતુમતી ચોધાર આંસુએ રૂદન કરતાં હતાં. તેજ વખતે બરાબર પ્રલ્હાદ રાજાનો ઘોડેસ્વાર સેવક અંજનાની શોધ માટે હનુરૂહ નગરમાં ફરતો હતો. અંજના તે વખતે પ્રતિસૂર્યના રાજમાર્ગ પરના એક બંગલાના ઝરૂખામાં બેઠી હતી. રત્નપુરીના ઘોડેસ્વારને ફરતો જોઈ અંજનાએ તેને ઓળખ્યો અને ઉભો રાખી પૂછ્યું-વ્હાલા ભાઈ, મ્હારા શ્વસુર પક્ષ તરફના કંઈ સમાચાર? છે તો બધા કુશળને?

અંજનાને જોતાંજ ઘોડેસ્વાર આશ્ચર્યમુગ્ધ બની ગયો. ઘોડા પરથી તે નીચે ઉતરી અંજનાના પગમાં પડયો અને બોલ્યો:-હે મહાસતી, અમે આપનીજ શોધ કરીએ છીએ. આપના વિયોગે પવનંજયે ભિષ્મ પ્રતિજ્ઞા કરી છે કે પવિત્ર સતી અંજના એક માસમાં જો ન મળે તો અગ્નિચિતામાં પડી મૃત્યુ પામવું. હે દેવી, આજે બરાબર તે પ્રતિજ્ઞાને ૩૦ મો દિવસ છે. અને જો આપણે આજ સાંજ સુધીમાં નહિ પહોંચીયે, તો તેઓ જરૂર

માંથી કેવી રીતે બચવું, એનીજ તે હરહંમેશ ચિંતા કરવા લાગી.

બાર મહિના યુદ્ધમાં પસાર થયા બાદ વરૂણને પરાજય આપી પવનંજય ઘેર આવ્યા અને માતાપિતાને સહર્ષ ભેટયા. ત્યાંથી તેઓ અંજનાને મળવા માટે તેના આવાસે આવ્યા; પણ અંજના ન મળવાથી ખેદ પામ્યા. દાસીને પૂછતાં તેણે કહ્યું કે માતા કેતુમતીએ અંજનાને કલંકિત ધારી કાઢી મૂકયાં છે. આ શબ્દ સાંભળતાં જ પવનંજય એકદમ મૂર્છા પામ્યા. આસપાસથી અનેક દાસદાસીઓ દોડી આવ્યાં. મહારાજા પ્રહ્‌લાદ અને રાણી કેતુમતી પણ ત્યાં આગળ આવ્યા. જળ છંટકાવ, પવન આદિ ઉપચારથી થોડીક વારે પવનંજય શુદ્ધિમાં આવ્યા. ત્યારે તેઓ બોલ્યાઃ—માતા, અંજના કયાં?

કેતુમતીએ સઘળી વાત કહી. આથી પવનજયના શોકનો પાર રહ્યો નહિ. તેણે કહ્યું:—માતાજી, ખરેખર તમે સાહસ કર્યું છે. હું પોતે અંજનાને આવાસે આવ્યો હતો, અને મેં જ તેને વીંટી આપી હતી. અરેરે! તે પવિત્ર સાધ્વીની ત્હમે આવી દશા કરી! મારા આવતા સુધી તો તમારે રાહ જોવી હતી! એમ કહી પવનંજયે ત્યાં પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી પવિત્ર સતી અંજના મ્હને મળે નહિ ત્યાં સુધી મારે અન્ન પાણી હરામ છે. પુત્રની આવી ભિષ્મપ્રતિજ્ઞાથી માતા-પિતાને પારાવાર ખેદ થયો.

અંજનાની તપાસ માટે તેમણે ચારેકોર ઘોડેસ્વાર મોકલી આપ્યા; પણ કયાંઇ અંજનાનો પત્તો લાગ્યો નહિ. આથી પુનઃ પવનંજયે પ્રતિજ્ઞા લીધી કે એક માસમાં સતી અંજનાનો

પત્તો ન લાગે તો મ્હારે અગ્નિમાં પડી બળી મરવું ! એવી પ્રતિજ્ઞા લઇ પવનંજય પોતાના મિત્ર પ્રહસિતને સાથે લઇ અંજનાની શોધમાં નીકળી પડયો.

આ ભિષ્મ પ્રતિજ્ઞાથી ચારેકોર હાહાકાર વરતાઈ રહ્યો. પ્રહ્લાદ રાજાએ પુનઃ પુષ્કળ માણસો અંજનાની શોધ માટે દોડાવ્યા. મહેન્દ્ર રાજાને પણ આ વાતની ખબર પડતાં દુઃખનો પાર રહ્યો નહિ. તેણે પણ અનેક માણસો અંજનાની શોધમાં મોકલી આપ્યા.

ઓગણત્રીસ દિવસ પસાર થઇ ગયા હતા. પવનંજયને પવિત્ર સતીના સ્નેહ માટે બળી જવાની માત્ર એકજ દિ-વસની વાર હતી. મહારાજા પ્રહ્લાદ અને રાણી કેતુમતી ચોધાર આંસુએ રૂદન કરતાં હતાં. તેજ વખતે બરાબર પ્રહ્લાદ રાજાનો ઘોડેસ્વાર સેવક અંજનાની શોધ માટે હનુ-રૂહ નગરમાં ફરતો હતો. અંજના તે વખતે પ્રતિસૂર્યના રાજમાર્ગ પરના એક બંગલાના ઝરૂખામાં બેઠી હતી રત્નપુ-રીના ઘોડેસ્વારને ફરતો જોઈ અંજનાએ તેને ઓળખ્યો અને ...સો રાખી પૂછયું-વ્હાલા ભાઈ, મ્હારા શ્વસુર પક્ષ તરફના ...ઈ સમાચાર ? છે તો બધા કુશળને ?

અંજનાને જોતાંજ ઘોડેસ્વાર આશ્ચર્યમુગ્ધ બની ...યો. ઘોડા પરથી તે નીચે ઉતરી અંજનાના પગમાં પડયો ...ને બોલ્યો:-હે મહાસતી, અમે આપનીજ શોધ કરીએ ...એ. આપના વિયોગે પવનંજયે ભિષ્મ પ્રતિજ્ઞા કરી છે કે ...ત્ર સતી અંજના એક માસમાં જો ન મળે તો અગ્નિચિતામાં ... મૃત્યુ પામવું. હે દેવી, આજે બરાબર તે પ્રતિજ્ઞાને ...મો દિવસ છે. અને જો આપણે આજ સાંજ સુધીમાં પહોંચીયે, તો તેઓ જરૂર મૃત્યુ પામશે.

આ સાંભળી સતી અંજના પવનંજયને પારાવાર ધન્યવાદ આપવા લાગી. તે મનોગત બોલી. અહા, મ્હારા પ્રત્યે તેમનો કેવો દિવ્ય પ્રેમ ! એક સ્ત્રીના વિયોગે આજે મ્હારા પતિ પ્રાણહાનિ કરવા તત્પર થયા છે ! ધન્ય છે તેમની ટેકને, અને મ્હારા પ્રત્યેના અવિચળ શુદ્ધ સ્નેહને, એમ કહી અંજના બોલી. ભાઇ, ચાલો ત્યારે જલ્દી. હવે વિલંબ કરવો ઉચિત નથી. એમ કહી એક શીઘ્ર ગતિવાળો રથ તૈયાર કરાવી તેમાં પ્રતિસૂર્ય રાજા, પુત્ર હનુમાન, સતી અંજના અને વસંતતિલકા બેઠાં. ઘોડેસ્વાર અને રથ પૂર વેગે રત્નપુરી તરફ જવા લાગ્યા.

આ તરફ પવનંજય, અંજનાનો પત્તો ન મળવાથી નિરાશ થઈ ઘેર આવ્યો. તેણે ચિતા તૈયાર કરાવી. આખી નગરીમાં વિલાપ થઈ રહ્યો. પવનંજયના માતા પિતા, પુત્રને ચિતામાં નહિ બળવા અશ્રુપાત કરી વિનવતા હતા. સ્નેહિ જનો પવનંજયને સમજાવતા હતા, પણ તેનો તો એકજ નિશ્ચય હતો. બરાબર સંધ્યાસમય થતા ચિતા સળગાવવામાં આવી. આ જોઇ પવનંજયના માતાપિતા મૂર્છિત બની ગયા. સેંકડો માણસો તેમની સારવારમાં લાગી ગયા. પવનંજયને ચિતામાં પડી બળી જવાની માત્ર પાંચ જ મિનિટની વાર હતી, તેટલામાં દૂરથી એક ઘોડેસ્વાર બૂમ પાડતો દોડી આવ્યો. સબૂર. સબૂર.

હજારો લોકોની નજર તે ઘોડેસ્વાર તરફ ગઈ. ઘોડેસ્વારે નજીક આવતાં કહ્યું:-મહાસતી અંજનાનો મેળાપ થયો છે!

આશ્ચર્યથી પવનંજયે પૂછ્યું:-ક્યાં છે મારી વ્હાલી પ્રિયતમા !

"આ સામે આવતાં રથમાં બેસીને તેઓ આવે છે." ઘોડેસ્વારે પ્રત્યુત્તર વાળ્યો.

થોડી જ વારમાં રથ ત્યાં આગળ આવી પહોંચ્યો. સતી અંજના રથમાંથી નીચે ઉતરી અને પવનંજયના પગમાં પડી. સર્વત્ર આનંદ છવાઇ રહ્યો. મહારાજા પ્રહ્લાદ અને કેતુમતી શુદ્ધિમાં આવ્યા. મહેન્દ્રરાજા અને રાણી હૃદયસુંદરીના આનંદનો પાર રહ્યો નહિ. તેઓએ અંજનાને મળી તેની માફી માગી. અંજનાએ કહ્યું. પિતાજી, તેમાં શોક કરવા જેવું નથી. મારી કર્મરેખા અવળી હોય, ત્યાં દોષ કોનો ? રાણી કેતુમતીએ પણ અંજના પર કલંક મૂક્યું તે બદલ માફી માગી. અંજનાએ સર્વને વિનયપૂર્વક વંદન કરી પોતાના કર્મનો દોષ કાઢયો.

અંજના અને પવનંજય મહેલમાં ગયા. સર્વઆપવીતી એક બીજાએ સવિસ્તર જણાવી. પવનંજયે અંજનાને ખૂબ દુઃખ આપ્યું, તે માટે ક્ષમા માગી. અંજનાએ કહ્યું:–નાથ, તે સર્વમાં મારૂં કર્મ જ દોષિત છે. આપે મારા પર આટલો બધો દિવ્ય પ્રેમ દર્શાવ્યો, તે માટે ખરેખર આપને ધન્યવાદ છે. અરે, હું અભાગણી આપને ન મળી હોત, તો આપની શી દશા થાત! નાથ! પ્રભુ જે કરે છે તે બધું હમેશાં સારાને માટે જ. પવનંજયે અંજનાની પતિભક્તિ, સહનશીલતા અને નમ્રતાની ખૂબ પ્રશંસા કરી. અંજના અને પવનંજય ત્યાં સુખ પૂર્વક આનંદથી દિવસો વ્યતીત કરવા લાગ્યા.

કેટલોક સમય પસાર થઇ ગયો. મહારાજા પ્રહ્લાદ મૃત્યુ પામ્યા. રાજ્યની લગામ પવનંજયને હસ્તક આવી. ન્યાયપૂર્વક તે રાજ્ય ચલાવવા લાગ્યા. તેવામાં એકદા એક

જૈનમુનિ મહાત્મા રત્નપુરીના ઉદ્યાનમાં પધાર્યા. પવનંજય અને અંજના મુનિદર્શને ગયા. મુનિએ ધર્મ બોધ આપ્યો. અંજનાએ મુનિને કહ્યું. હે મહારાજ, મને કયા કર્મને ઉદયે તેર વરસ સુધી દુઃખ પડયું!

મુનિ બોલ્યાઃ–હે સતી, પૂર્વભવે તને જૈનધર્મ પર દ્વેષ હતો. એકવાર તેં એક જૈન મુનિનો ઓઘો (રજોહરણ) ચોરી લીધો. જ્યાં સુધી મુનિ મહારાજ પાસે ઓઘો ન હોય ત્યાં સુધી તે એક ડગલું પણ ભરી શકે નહિ. તે ઓઘો તેં તેર ઘડી સુધી તારી પાસે સંતાડી રાખ્યો, પરિણામે મુનિને તેરઘડી સુધી આહાર–પાણીનો વિયોગ પડયો. પછી તેં કેટલેક કાળે વૈરાગ્ય થતાં દીક્ષા લીધી. પણ અગાઉની ચોરી નું તેં પ્રાયશ્ચિત લીધું નહિ. દીક્ષાના પ્રભાવે તું રાજ્યકુળમાં ઉત્પન્ન થઇ. પણ પેલી ચોરીનું નિકાચિત કર્મ તને આ ભવે ઉદય આવ્યું, તેથી તેર વર્ષ સુધી તને તારા સ્વામીનો વિયોગ થયો.

અંજના આ સાંભળી વિચાર કરવા લાગીઃ–અહો, જીવ દ્વેષને લીધે કેવાં કેવાં કર્મ બાંધે છે, અને દુઃખ ભોગવે છે. વિચાર કરતાં અંજનાને વૈરાગ્ય થયો. પવનંજયનું હૃદય પણ મુનિની દેશનાથી પીગળ્યું એટલે પવનંજય અને અંજના બંને દીક્ષા લઈ ચાલી નીકળ્યા. સતી અંજના ધર્મધ્યાનમાં પ્રવૃત્ત બની ખૂબ તપશ્ચર્યા કરવા લાગી. અંતિમ સમયે અનશન કરી અંજના દેવલોકમાં ગઇ. ત્યાંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ તેજ ભવમાં તે મોક્ષ જશે.

ધન્ય છે સતી અંજનાને! સૌ બ્હેનો તેના જેવા થવાનો પ્રયત્ન કરે!

૨ સુરસુંદરી

ચંપા નામની નગરી છે. સાક્ષાત તે દેવભૂમિ સમાન છે. રિદ્ધિસિદ્ધિનો પાર નથી. પ્રજા સુખી અને ઉદ્યમી છે. યાચક ગરીબ ગરબાં માટે દાનશાળાઓ પણ પુષ્કળ છે. ત્યાં અરિદમન નામે રાજા છે. હમેશાં તે પ્રજાનું પુત્રવત્ પાલન કરે છે અને ન્યાયથી રાજ્ય ચલાવે છે. તેને રતિસુંદરી નામે સુશીલ અને સ્વરૂપવાન એક રાણી છે. રાજા અને રાણીની ધર્મ પર ખૂબ પ્રીતિ છે. બંને આનંદમાં સમય વીતાવે છે. સાંસારિક સુખ ભોગવતાં કોઈએક પ્રસંગે રાજરાણી રતિ-સુંદરીને ગર્ભ રહ્યો. રાજરાણી બહુ આનંદ પામ્યાં. રાણી ઉત્સાહપૂર્વક ગર્ભનું રક્ષણ કરવા લાગી.

સમય થતાં રતિસુંદરીએ એક પુત્રીને જન્મ આપ્યો. પુત્રી તો રૂપરૂપનો અંબાર. સુંદર કાચની પુતળી જેવી. સૌ કોઈ આને જોઈ સંતોષ પામે. રાજાના હર્ષનો પણ પાર નહિ. તે તો પુત્રીના મોહમાં ઘેલો ઘેલો થઈ જાય અને પોતાના જીવનને ધન્ય માને. આ પુત્રીનું નામ સુરસુંદરી.

સુરસુંદરી દિવસે ન વધે એટલી રાત્રિએ વધે, અને રાત્રિએ ન વધે એટલી દિવસે વધે. એમ કરતાં તે સાત વર્ષની થઈ. રાજારાણીએ વિચાર્યું કે હવે પુત્રીને વિદ્યાભ્યાસ

કરાવવો જોઇએ, એટલે તેમણે તે નગરના એક વિદ્યાચાર્ય પાસે સુરસુંદરીને ભણવા માટે મોકલી.

સુરસુંદરીની બુદ્ધિ અથાગ તેથી થોડા જ વખતમાં તે ઘણું શીખી અને ભણીગણીને પ્રવીણ થઈ. વિદ્યાગુરૂ સુરસુંદરીની સ્મરણ શક્તિ, બુદ્ધિ અને વિદ્યા–પ્રેમ જોઇ ખૂબ આનંદ પામ્યા.

× × ×

એજ સમયે ચંપાનગરીમાં એક શેઠ વસે. તેનું નામ ધનપાળ. તેને ત્યાં લક્ષ્મીનો કંઇ પાર નથી. હજારો વહાણોનો તે માલીક. દૂર દૂર દેશાવરમાં દરિયાઇ મુસાફરી કરે. થોકબંધ વહાણો માલ ભરીને લઈ જાય અને ખૂબ પૈસા પેદા કરે. તેને ધનવતી નામે એક સ્ત્રી. શેઠશેઠાણી બંનેને ધર્મ પર ખૂબ પ્રીતિ, પરંતુ તેમને અદ્યાપિ એકેય પુત્ર ન હોવાથી, હમેશાં તેઓ ચિંતાતુર રહે.

ધર્મી પુરૂષને ચિંતા રહે, તે વિધિને ન ગમ્યું. દૈવ-કૃપાએ ધનવતીને ગર્ભ રહ્યો. તે ખૂબ આનંદ પામી. અનુક્રમે સવાનવ માસ પૂર્ણ થતાં તેણે એક તેજસ્વી પુત્ર રત્નને જન્મ આપ્યો. બંને દંપતી ખૂબ આનંદ પામ્યા. આ પુત્રનું. નામ પાડયું અમરકુમાર.

જોતજોતામાં અમરકુમાર આઠ વર્ષની ઉમરે પહોંચ્યો. માતાપિતાના આનંદનો પાર નથી. પુત્રને કેળવણી અપાવવી જોઇએ. એમ ધારી તેમણે અમરકુમારને ભણવા મૂકવાનો વિચાર કર્યો. જે વિદ્યાચાર્ય પાસે રાજકુમારી સુરસુંદરી

ભણતી હતી તે જ વિદ્યાચાર્ય પાસે અમરકુમારને પણ ભણવા માટે મૂક્યો. અમરકુમારની બુદ્ધિની તો વાત જ નહિ. ગમે તેવો અઘરો શ્લોક અમરકુમાર એક જ વાર વાંચે, એટલે તરત તેને યાદ રહી જાય. અલ્પ સમયમાં અમરકુમાર ખૂબ ભણ્યો અને ૭૨ કળામાં પ્રવિણ થયો.

એકવાર વિદ્યાચાર્ય કંઈ કામ સારૂ બહારગામ ગયા. અમરકુમાર વિદ્યાચાર્યને પ્રિય હોવાથી વિદ્યાગુરૂએ તેને નિશાળ સોંપી. અમરકુમાર સ્ત્રી વર્ગ અને પુરૂષ વર્ગ બંનેની શાળા સંભાળવા લાગ્યો.

બપોરના બે એક વાગ્યાનો સુમાર હશે. ભણવાના સ્થળની આસપાસ ચોમેર બગીચો અને ઝાડવૃક્ષ હોવાથી મંદમંદ પવનની મધુર લ્હેરીઓ આવીને હૃદયને આનંદ આપતી હતી. કુમારી સુરસુંદરી તે દિવસે સુંદર મિષ્ટાન્ન જમીને નિશાળે આવેલ હોવાથી પવનની લહેરમાં ડોલવા લાગી અને થોડીક્વારમાં તે નિદ્રાધીન બની ત્યાંજ સુઈ ગઈ.

અમરકુમાર શાળાની દેખરેખ રાખવા માટે પોતાના એક મિત્રને સાથે લઇ સ્ત્રી વર્ગમાં આવ્યો. ત્યાં તેની નજર સૂતેલી સુરસુંદરીના વસ્ત્રપાલવને છેડે ગઇ. તે પાલવને છેડે તેણે કશાકની એક ગાંઠ બાંધેલી જોઈ. તે શું હશે એમ ધારી અમરકુમારે તે ગાંઠ પોતાના હાથે છોડી તો તેમાંથી પાન કોડીઓ નીકળી. તે કોડીઓ તેણે પોતાના મિત્રને આપીને કહ્યું. જા, આની તું બજારમાંથી મિઠાઇ લઇ આવ. મિત્ર તે કોડીઓ લઇ બજારમાં ગયો અને મિઠાઈ ખરીદી

પાછો આવ્યો. સઘળી મિઠાઇ તેણે વિદ્યાર્થીઓને વહેંચી આપી અને થોડીક બાકી રાખી.

તેવામાં સુરસુંદરી જાગૃત થઇ. એટલે અમર કુમારે તેને વધેલી મિઠાઈ આપી. સુરસુંદરીએ તેને પૂછ્યું:-આ મિઠાઇ કોણ લાવ્યું? અમર કુમારે જવાબ આપ્યો: તમારા વસ્ત્રના છેડે સાત કોડીઓ બાંધેલી હતી, તે લઇને મેં તેની મિઠાઇ મંગાવી છે.

આ સાંભળી સુરસુંદરી ગુસ્સે થઈ અને બોલી:-વિદ્યાગુરૂની ગેરહાજરીમાં તમે કામ તો બહુ સારૂં કરો છો! આટલો બધો વિદ્યાભ્યાસ કરવા છતાંય, તમે રજા વગર કોઇની ચીજ લઇ શકો છો! તેવું શિક્ષણ તમને કોણે આપ્યું? અમર કુમારે કહ્યું:-સુરસુંદરી, અલ્પ કિંમત વાળી મેં તારી કોડીઓ લીધી તેમાં આટલો બધો ખેદ શા માટે કરે છે? સાત કોડીએ તું શું કરત, કે તેમાં તું મને નહિ કહે ચાનું કહે છે?

સુરસુંદરીએ કહ્યું:-સાત કોડીએ હું રાજ લેત. તમારે તેની શી પંચાત!

અમર કુમાર શાંત રહ્યો. તે મનમાં સમજ્યો કે વધુ બોલવામાં સાર નથી. વળી તે રાજપુત્રી છે. પણ હું પ્રસંગે જોઇશ કે તે સાત કોડીએ કેવી રીતે રાજ્ય મેળવે છે! એવો મનમાં ડંખ રાખી અમર કુમાર ત્યાંથી ચાલ્યો ગયો. સૌ વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસમાં લાગી ગયા. થોડાક દિવસે વિદ્યાચાર્ય આવ્યા. સઘળું જેમના તેમ ચાલવા લાગ્યું. સુરસુંદરી અને અમર કુમાર વિદ્યાભ્યાસમાં પહેલે નંબરે આવ્યા.

અનુક્રમે સુરસુંદરી ઉમ્મર લાયક થઇ એટલે રાજાએ
તેના માટે યોગ્ય વરની તપાસ કરાવી. પણ કયાંઇ એકે
યોગ્ય રાજકુમાર જોવામાં આવ્યો નહિ. રાજા ચિંતાતુર
ન્યો. એકવાર તેણે વિદ્યાગુરૂને બોલાવી પૂછયું:-પંડિતજી,
રસુંદરીના લગ્ન માટે મેં ખૂબ તપાસ કરાવી, પણ કોઇ
ગ્ય રાજકુમાર મળતો નથી. તો શું કરવું? પંડિતજીએ
હ્યું: મહારાજા, યોગ્ય કુમાર તો તેજ કહેવાય કે જે વિદ્વાન
ાય, સદ્દગુણી હોય અને ૭૨ કળામાં પ્રવીણ હોય, વળી
મી પણ હોય.

વિચાર કરતાં મહારાજાનું લક્ષ અમર કુમાર પ્રતિ
ગયું. કેમકે વિદ્વત્તામાં તે સારાય શહેરમાં નામાંકિત હતો,
ણી ધનાઢય અને સદ્દગુણી હતો. મહારાજાએ પંડિતને
હ્યું:-મારો વિચાર ધનપાળ શેઠના પુત્ર અમર કુમારને કન્યા
આપવાનો છે! તેમાં હરકત છે?

પંડિતજીએ જણાવ્યું. જેવી મહારાજાની ઇચ્છા.
ાએ હમેશાં પુત્રીને તેના સુખનો વિચાર કરીને જ
આપવી જોઇએ. પંડિતજીની ગોણ સંમતિ જોઇને મહારાજાએ
પોતાનો વિચાર દૃઢ કર્યો. તેણે સુરસુંદરીનો વિવાહ અમર
કુમાર સાથે કરવાનો વિચાર રાણીને જણાવ્યો. રાણીએ
પતિની ઇચ્છાને સંમતિ આપી.

રાજાએ સુરસુંદરી અને અમરકુમારની પરીક્ષા કરવા
ા વિચાર કર્યો. એક રાજસભા ભરી. તેમાં તે બનેને બો-
લ્યા. પંડિતજી પણ હાજર થયા. નગરના સંભાવિત ગ...
ક આવ્યા. સૌ સભામાં વ્યવસ્થિત ...

રાજાએ સુરસુંદરીને કહ્યું: વ્હાલી પુત્રી, તમે વિદ્યા પાસે કેવું શિક્ષણ મેળવ્યું છે. તે આજે જાણવાની મું ઈચ્છા છે. તો તમે આ અમરકુમારને પ્રશ્નો પૂછો.

સુરસુંદરી પિતાને વંદન કરીને ઉભી રહી. સામે બાજુએ અમરકુમાર પણ રાજાને વંદન કરીને ઉભો રહે સુરસુંદરીએ અમરકુમાર સામે જોઇ પ્રશ્ન કર્યો.

પ્રથમાક્ષર વિણ ઉજળી, પૃથિવિ કાય કહંત;
બીજા વિણ પંખિણી કહી, સહુ વંછે વિણ અંત.

અમરકુમારે કહ્યું:–સુખડી

પછી અમરકુમારે પ્રશ્ન પૂછયો.

પ્રથમ વિણ ઉભી રહી, બીય વિણ મૃતપતિ નાર
અંત્યાક્ષર વિણ જે કહી, અન્ને બૃહિ નિરધાર.

સુરસુંદરીએ જવાબ આપ્યો:-રાખડી

પુનઃ રાજાએ પ્રશ્ન કરવાનું કહેવાથી સુરસુંદરીએ પૂછ્યું

કન્યા કાય કુમારી ઘણી, કૃપણ લચ્છી વાધે શા ભણી
ચાડી-તાંત કહો કેમ કરે, ત્રણ ઉત્તર દો એક અક્ષરે

અમરકુમારે જવાબ આપ્યો:-નવરી

કન્યાની કાયા નવરી અથવા અપરિણિત હોવાથી ઘણી વધે છે, કૃપણ કંજુસ માણસની લક્ષ્મી નવરી એટલે વપરાશ વગરની રહેવાથી વધે છે. અને પારકી ચાડી અથવા પારકી તાંત-નિંદાની વાતો નવરી સ્ત્રીઓ જ કરે છે. એ રીતે તમારા ત્રણે પ્રશ્નનો જવાબ એક અક્ષરમાં થયો.

પુનઃ અમરકુમારે પ્રશ્ન કર્યો.

જીવ નહિ પણ જીવે છે, મૃત, છતાં લે શ્વાસ;
કુટુંબ કલેશ હરગીજ રહે, કોણ પુત્રી એ ખાસ.

સુરસુંદરીએ જવાબ આપ્યોઃ–લુહારની પુત્રી ધમણ.

કેમકે ધમણમાં જીવ નથી, પણ જીવે છે ખરી. મરી [ગઇ] છે પણ પવન વડે શ્વાસ લે છે. વળી લોઢું તપે ને તે લોઢા પર લોઢાના પ્રહાર પડે તે કુટુંબ કલેશ જાણવો.

આ પ્રમાણે બંનેની બુદ્ધિ–કળા જોઇને અરિદમન રાજા ખૂબ પ્રસન્ન થયો. પંડિતજી પણ પોતાનો શ્રમ સફળ થવાથી આનંદ પામ્યા. સભા વિસર્જન થઇ. મહારાજાએ ધનપાળ શેઠને પોતાના મહેલમાં તેડાવ્યા અને પોતાની કન્યા સુરસુંદરીનો વિવાહ અમરકુમાર સાથે કરવાનો વિચાર પ્રદર્શિત કર્યો. ધનપાળ શેઠ તો ખુશ ખુશ થઇ ગયા. તેમણે મહારાજાનું કહેણ સ્વીકાર્યું બંનેનો વિવાહ નક્કી થઇ ગયો. [થો]ડા જ દિવસોમાં અમરકુમાર અને સુરસુંદરી લગ્નથી જોડાયાં [અ]ને સંસાર સુખ ભોગવવા લાગ્યાં.

હવે અમરકુમાર સુરસુંદરી સાથે સુખમાં દિવસો પસાર [કરે] છે અને પિતાને વ્યાપાર ધંધામાં ખુબ મદદ કરે છે. [એકવા]ર તેને સૂતાં સૂતાં વિચાર થયો કે અહિંને અહિં મારે [શા] માટે બેસી રહેવું. મારા પિતા અને બીજા અનેક [લોકો] ધંધાર્થે પરદેશ જાય છે, તો મારે શા માટે ન [જવું?] એવો રાત્રે દૃઢ વિચાર કરી પ્રાતઃકાળ થતાં અમર[કુમાર] પોતાના પિતા પાસે આવ્યો અને

મારે કેટલાંક વહાણો લઇ સમુદ્ર માર્ગે વ્યાપાર કરવા જ
છે એટલે મને રજા આપો.

આ સાંભળી ધનપાળ શેઠે કહ્યું. પુત્ર, આપણે
કયાં પૈસાની ખોટ છે, કે તારે દેશાવર જવું પડે. તું તે
અહિં સુખેથી ખા, પી અને મજા કર.

અમરકુમાર બોલ્યોઃ-પિતાજી, ગમે તેટલું મને કહેશો
પણ હું મારો વિચાર ફેરવનાર નથી. દેશાવર ગયા વગ
હું રહેનાર નથી. તમે રજા નહિ આપો ત્યાં સુધી મા
અન્ન જળનો ત્યાગ છે.

પુત્રનો દ્રઢ નિશ્ચય જોઇ ધનપાળ શેઠ મુંઝાયો. અમ
કુમારને તે બહુ બહુ રીતે સમજાવવા લાગ્યો, છતાં અમ
કુમારે હઠ છોડીજ નહિ. એટલે આખરે તેને પરદેશ ગમ
માટે રજા આપવી પડી. ધનપાળ શેઠે મૂલ્યવાન કરિયાણા
વહાણો ભરી તૈયાર કરાવ્યા. પુષ્કળ માણસો તેની સા
આપ્યા. અમરકુમાર મુસાફરી માટે તૈયાર થયો.

તેવામાં સુરસુંદરી અમરકુમાર પાસે આવી અને પોતા
સાથે લઇ જવા માટે વિનંતિ કરી. અમરકુમારે ના કરી
પરંતુ સુરસુંદરીનો અતિશય આગ્રહ જોઇ આખરે તેને
સાથે લીધી. બંને દંપતી વહાણમાં બેઠા અને સુખપૂર્વક
સમુદ્રમાં મુસાફરી કરવા લાગ્યાં.

સેંકડો ગાઉની મુસાફરી બાદ વહાણો સિંહલદ્વીપ
નામના એક બેટ પાસે આવી પહોંચ્યાં. તે સ્થળે મીઠું પાણી
મેળવવા માટે વહાણો થોભાવવામાં આવ્યાં. એટલામાં એક

વૃદ્ધ અને અનુભવી ખલાસીએ કહ્યું: સબૂર, આ વખતે બરા-
બર સંધ્યાકાળે એક પાપી રાક્ષસ અહિં આગળ આવે છે,
અને જતાં આવતાં માણસોને મારી નાખે છે; માટે આપણે
ત ભયમાંથી મુક્ત થવું જોઇએ. ચાર છ કલાક આપણે આ
બેટમાં ફરીએ, અને જ્યારે રાક્ષસનો ભય દૂર થાય ત્યારે આપણે
વહાણો આગળ ચલાવીએ. આ પ્રમાણે કહેવાથી સઘળા
માણસો વહાણમાંથી નીચે ઉતરી બેટ પર આવ્યા અને
ચારેકોર ઇંધન, લાકડા માટે ફરવા લાગ્યા. કોઇ રસોઇ કાર્યમાં
પ્રવૃત્ત થયા. અમરકુમાર અને સુરસુંદરી પણ નીચે ઉતર્યા.
અને બેટ પર અહિં તહિં ફરવા લાગ્યા. હરિયાળી વન-
સ્પતિ, વિધવિધ જાતની સુંદર પુષ્પલતાઓ, કુદરતનું
અનુપમ સૌંદર્ય ઇત્યાદિ તેઓ જોવા લાગ્યા. છેવટે શ્રમિત
થવાથી તેઓ એક ઘટાદાર વૃક્ષની નીચે વિશ્રાંતિ લેવા માટે
બેઠા. થાકના લીધે સુરસુંદરી અમરકુમારના ખોળામાં મસ્તક
મૂકી સૂઇ ગઈ અને થોડીવારમાં તે નિંદ્રાધીન થઇ ગઇ.

સુરસુંદરી પતિના આશ્રયમાં નિશ્ચિંત હતી, નિર્ભય
હતી, એટલે તે સુખપૂર્વક નિંદ્રા લેતી હતી; પણ તેને ક્યાં
ખબર હતી, કે પોતાના પર વિધિ કોપ્યો છે! તે ક્યાં
જાણતી હતી કે પતિના સહવાસની શિતળ છાયા જ પોતાને
થોડી જ વારમાં દુઃખ રૂપ થવાની છે! જે વખતે સુરસુંદરી
અમરકુમારના ખોળામાં સૂતી હતી, તે જ વખતે એકાએક
અમરકુમારના સદ્‌વિચારોનો પલટો થયો. તેને સુરસુંદરીના
ચહેરા પર એક જ કારણે અભાવ થઈ ગયો. તે કારણ
કે સુરસુંદરી સામે નજર કરતાં અમરકુમારને ...

ડંખ યાદ આવ્યો, તે એ કે 'સાત કોડીએ હું રાજ લઇશ' અમરકુમારે વિચાર્યું કે હવે મને સુરસુંદરીના શબ્દો તેના મ્હોંમાં પાછા સમાવી દેવાનો સારો પ્રસંગ સાંપડયો છે. માટે અહિંયા જ તેને છોડીને ચાલ્યા જવું ઉચિત છે. એમ ધારી તેણે સુરસુંદરીના વસ્ત્રના છેડે સાત કોડીઓ બાંધી અને કેસુડાંના રંગવતી સાફ અક્ષરે તેના વસ્ત્ર પર લખ્યું કે-'આ સાત કોડીએથી તું રાજ્ય મેળવજે' એટલું લખી અમરકુમાર પોતાની પત્નીની કંઈપણ દયા ખાધા વગર સત્વર ત્યાંથી પલાયન થઇ ગયો અને બંદર પર આવ્યો. તે વખતે રાક્ષસનો ભય દૂર થયો હતો. સઘળા માણસો પણ વહાણ પાસે આવ્યા હતા.

તેમને જોઇ અમરકુમાર ખૂસ્રેખૂસ પાડી રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે મારી પત્નીને દુષ્ટ રાક્ષસ ખાઇ ગયો. અરેરે ! હું નિરાધાર બની ગયો. આ સાંભળી માણસોને પણ ખૂબ શોક થયો. તેમણે અમરકુમારને આશ્વાસન આપી વહાણમાં બેસાડયો. વહાણ આગળ ચાલ્યાં. અમરકુમાર સુરસુંદરીનું શું થશે, તેના તર્ક વિતર્ક કરતો મુસાફરી કરવા લાગ્યો.

હવે આ તરફ કેટલીક વારે સુરસુંદરી જાગૃત થઇ. તેણે પોતાના પતિને જોયો નહિ, તેથી તે ખૂબ ભય પામી અને આસપાસ નજર કરવા લાગી. પણ કયાંય અમરકુમાર જણાયો નહિ. એટલે તે વધારે ચિંતાતુર બની. તેઓ કોઈક વૃક્ષ નીચે આરામ લેવા ગયા હશે, અગર મધુર ફળ ફુલ લેવા ગયા હશે, એમ ધારી સુરસુંદરી વૃક્ષે વૃક્ષે અને લતાએ લતાએ

ફરવા લાગી. પણ કોઇ જગ્યાએ અમરકુમારનો પત્તો લાગ્યો નહિ. તે નિરાશ થઈ અને 'અરે હાય' કહી મૂર્છા પામી ગઇ. કેટલીક વાર બેશુદ્ધ રહ્યા પછી તે જાગ્રત થઇ અને વિચારવા લાગી. અહો! મ્હારા પતિ–પ્રાણાધાર ક્યાં ગયા હશે? શું મને છોડીને તેઓ ચાલ્યા ગયા હશે? ના, ના. તેમ તો કદી બને જ નહિ. પ્રાણનાથ! જલ્દી આવો અને દુઃખમાં ડુબેલી તમારી આ પ્રિયતમાને બચાવો; એમ કહી સુર-સુંદરી ચોધાર આંસુએ રડવા લાગી. આમ કેટલીક વાર રડયા પછી તે શાંત થઈ, અને વસ્ત્રના છેડા વડે આંસુ લૂછવા લાગી. તેવામાં વસ્ત્રને છેડે બાંધેલી ગાંઠ તેના જોવામાં આવી. જોતાં જ તે ચમકી. જ્યાં ગાંઠ છોડવા જાય છે, ત્યાં જ તેણે વાંચ્યું:–'આ સાત કોડીએ તું રાજ્ય મેળવજે.' સુરસુંદરી તરત સમજી ગઇ કે અહા! મેં એક વાર નિશાળમાં ભણતી વખતે અમરકુમારને ગુસ્સાથી કહી દીધેલું કે 'સાત કોડીએ હું રાજ્ય મેળવીશ.'

ખરેખર, તેનો જ બદલો આજે તેમણે આપ્યો, પરંતુ રેરે, હું આ નિર્જન અરણ્યમાં શું કરીશ? અને ક્યાં ઇશ? એ વિચારે તે બહુ રડી. અમરકુમાર પ્રત્યે અનેક રા નરસા વિચારો તેના હૃદયમાંથી એક પછી એક પસાર ગયા. આખરે તે સાત કોડી છોડીને ફરી તેણે બાંધી ી અને મનમાં ધીરજ રાખીને, નવકાર મંત્રનું સ્મરણ લાગી.

તેવામાં પાસેના પહાડમાંથી એકાએક ...
સુરસુંદરી ભયથી ...

પહાડ સામે જોવા લાગી. તેટલામાં એક ભયંકર યક્ષ પહાડમાંથી બહાર નીકળી, સુરસુંદરી પાસે આવી પહોંચ્યો સુરસુંદરીના મુખમાંથી નીકળતા પવિત્ર શબ્દો સાંભ તે યક્ષ ઠંડોગાર થઇ ગયો અને તેની પ્રત્યે માનની નજ જોવા લાગ્યો. યક્ષે સુરસુંદરીને કહ્યું:-હે પુત્રી, તું કોણ છે આવનાર યક્ષના મુખમાંથી પુત્રી શબ્દ સાંભળી સુરસુંદ હૃદયમાં આનંદ પામી. તેણે પોતાનો વૃત્તાંત યક્ષને કહ્ય યક્ષે તેને પોતાનો પરિચય આપીને કહ્યું:-પુત્રી, તું અહિં મારી પાસે રહે. હું તારૂં સર્વ રીતે રક્ષણ કરીશ. આ પ્રમા સાંભળી સુરસુંદરી તેની સાથે નજીકના પહાડમાં ગઇ અ યક્ષના રક્ષણતળે સુખપૂર્વક દિવસો નિર્ગમન કરવા લાગ

કેટલાક દિવસ બાદ કોઈએક વ્યાપારીના વહાણો આ દ્વીપ પાસે જળ લેવા માટે લાંગરવામાં આવ્યાં. તે વખ વહાણનો માલીક શેઠ અને બીજા કેટલાક માણસો કુદરત સૌંદર્ય નિહાળવા બેટ પાસે ફરવા લાગ્યા. તેટલામાં વહાણ માલીક શેઠની નજર આ અનુપમ લાવણ્યવાળી સુરસુંદરી તર ગઇ. શેઠે તેને કોઇ વનદેવી માનીને વંદન કર્યું સુરસુંદરીએ કહ્યું:—ભાઈ, હું દેવી નથી; પણ એક દુઃખ મનુષ્ય સ્ત્રી છું. એમ કહી તેણે પોતાનો આત્મવૃત્તાંત તે શેઠને કહ્યો અને જણાવ્યું કે હું તમારી સાથે વહાણમાં આવવા ઈચ્છું છું. રસ્તા પર મારા પતિ અમરકુમારના વહાણો મળે, તો તમારે મને તેમને સોંપવી. હું પતિવ્રત-ધર્મ પાળનાર છું અને ન્હાના મોટા સર્વને પિતા અને ભાઈ સમાન ગણું છું; માટે આ શરતે તમે મને વહાણમાં

લઈ જવા માગતા હો, તો જ હું તમારી સાથે આવું. વહાણના શેઠે તેની શરત સ્વીકારી અને સુરસુંદરીને વહાણમાં લીધી. વહાણ સમુદ્ર માર્ગે ચાલવા લાગ્યાં. સુરસુંદરી પતિના મેળાપ માટે ચિંતન કરવા લાગી.

વહાણનો માલીક શેઠ દુષ્ટ હતો. સુરસુંદરીનું અનુપમ રૂપ જોઇ તે અંજાઈ ગયો. તેનામાં વિષયવાસના પ્રદિપ્ત થઇ. કઈ શરતે સુરસુંદરીને પોતાના વહાણમાં લીધી છે, તેનું આ દુષ્ટ શેઠને ભાન ન રહ્યું. 'કામાંધો નૈવ પશ્યતિ'–કામી પુરુષ કંઈપણ દેખતો નથી. એ ન્યાયે તે સુરસુંદરીના અથાગ રૂપ પર મોહ પામ્યો. ક્ષણેક્ષણે તે સુરસુંદરીને પોતાની પત્ની કરવાના સ્વપ્ના સેવવા લાગ્યો. દુષ્ટ શેઠ વારંવાર સુરસુંદરી પાસે આવે, અને તેને કુશળ સમાચાર પૂછી સ્વસ્થાનકે જાય. એમ કેટલાક દિવસ સુધી તેણે કર્યું. આખરે એક દિવસે તેણે નિશ્ચય કર્યો કે ગમે તેમ થાય, પણ આજે તો હું અવશ્ય તે સુરસુંદરીના દિવ્ય દેહનો સ્પર્શ કરી આનંદ મેળવું, એવો વિચાર કરી તે સુરસુંદરી પાસે આવ્યો. સુરસુંદરીએ તેને પિતા તુલ્ય ગણીને વંદન કર્યું. પણ તે દુષ્ટની નજર તેના વિવેક પ્રત્યે ન હતી. પરંતુ સુરસુંદરીના મોહક મુખારવિંદ પર તે લલચાયો હતો, તેના સુંદર અને વિકસિત અવયવો પર આકર્ષાયો હતો. એટલે તેણે સુરસુંદરીને કહ્યું: હે રાજબાળા, આજે મારે તમારી પાસે એક માગણી કરવાની છે, તે સ્વીકારશો? સુરસુંદરીને ખબર ન હતી કે જે વહાણનો શેઠ રક્ષક હતો, તેજ અત્યારે તેનું ભક્ષણ કરવા આવ્યો હશે! સુરસુંદરીએ નિર્દોષ ... તઃ શેઠ, એવી તે શી તમારી માગણી છે?

સુંદરી, આજ સુધી હું તને તે બાબત કંઈ પણ કહેતો નહતો; પરંતુ હું આજે મક્કમ વિચાર પર આવ્યો છું, એટલે તને સ્પષ્ટ કહું છું. મેં તને વહાણમાં જે હેતુએ લીધી છે, તે હેતુ એજ કે હું તારા દિવ્ય રૂપ પર મોહ પામ્યો છું. તારી સાથે સ્નેહ બાંધી હું તને મારી પ્રિયપત્ની કરવા માગું છું

દુષ્ટ શેઠના દુષ્ટતા ભર્યા શબ્દો સાંભળી સુરસુંદરી આશ્ચર્ય ચકિત થઇ બોલી ઉઠી: પિતાજી, તમે આ શું બોલો છો! તમે મને શી શરતે વહાણમાં લીધી હતી? શેઠજી, વચનની તો કંઇક કિંમત રાખો.

'વચનની કિંમત અમારે વ્યાપારીને તે હોય! સુંદરી મારૂં કહ્યું માન. તું સુખી થઇશ. અમરકુમારનો હવે ક્યાં પત્તો લાગે તેમ છે? નાહક તું શા સારૂં દુઃખ ભોગવે છે? જો આ મારી સર્વ સંપત્તિ હું તારા ચરણે ધરૂં છું, માટે મારી માગણી કબુલ રાખી મારી સાથે પ્રેમસુખ ભોગવ.' દુષ્ટ શેઠે જણાવ્યું

સુરસુંદરીએ ગુસ્સાપૂર્વક કહ્યું: શેઠ, પૂળી મૂકો તમારી એ સર્વ સંપત્તિમાં, ચક્રવર્તીની રિદ્ધિ કે દેવની સાહ્યબી હું મારા ધર્મ આગળ તુચ્છ સમજુ છું, તે તમે હજુ નહિ જાણતા હો. મરણાંતે પણ મારો પતિવ્રતધર્મ હું મૂકનાર નથી, સેંકડો સંકટો આવે તો પણ હું મારૂં શિયળ ચૂકનાર નથી, સમજ્યા? શેઠ.

'તો હું બળાત્કાર કરીશ, અને હરકોઈ ભોગે હું તારા સુંદર દેહનો સ્પર્શ કરીશ.' દુષ્ટ શેઠે અધમતાનું પ્રદર્શન બતાવ્યું.

સુરસુંદરી આ સાંભળી ગભરાઈ ગઇ, અને હવે શું કરવું, શિયળનું રક્ષણ શી રીતે થશે, તે વિચારે મુંઝાવા લાગી. વહાણો મંદગતિએ પસાર થતાં હતાં. રત્નાકર દ્વીપનું અનંત જળ શાંત હતું. સુરસુંદરીએ સમુદ્ર તરફ દ્રષ્ટિ કરી. તેને તત્કાળ એકજ વિચાર સ્ફૂરી આવ્યો. તે હિંમતપૂર્વક બોલી:— ભલે, આ શરીરનો નાશ થાઓ, પણ હું મારા શિયળને કોઇ રીતે નષ્ટ નહિ કરૂં, એમ બોલતાંજ નવકારમંત્રનું સ્મરણ કરી જોતજોતામાં સુરસુંદરી વહાણમાંથી નીચે કૂદી અને સમુદ્રના અગાધ જળમાં પડી. સુરસુંદરીના પડતાંની સાથેજ સમુદ્રમાં ધબકારો થયો. દુષ્ટ શેઠે નજર કરી તો સુરસુંદરી સમુદ્રમાં પડેલી. શેઠે બૂમ મારી–દોડો, દોડો, સુરસુંદરી સમુદ્રમાં ગઇ, કોઇ તેને બહાર કાઢો; પણ કોણ કાઢે? (તેનો બાપ!)

બરાબર તેજ વખતે સમુદ્રમાં ભયંકર તોફાન થયું. ખૂબ જોરથી પવન વાવા લાગ્યો, તે સાથે એક સખ્ત વાવાઝોડું આવ્યું, તેના સપાટામાં આ શેઠનું વહાણ આવી ગયું. પવનના પ્રચંડ બળે વહાણ અદ્ધર ઉછળ્યું, અને ઉંધું વળી સમુદ્રમાં ...ડયું. વહાણના કકડે કકડા થઇ ગયા. દુષ્ટ શેઠ અને બીજા ...ધા માણસો સમુદ્રમાં ડુબી મરણને શરણ થઇ ગયા. સુરસુંદરીના ...ણ્ય પ્રભાવે વહાણનું એક ભાંગેલું પાટીયું તેના હાથમાં આવ્યું. પાટીયાની મદદથી સુરસુંદરી દરિયામાં તરવા લાગી.

તરતાં તરતાં તે બેનાતટ નામના બંદરે આવી. લોકોએ ... જોઇ એટલે બહાર કાઢી, અને કેટલાક ઉપચાર વડે તેને ...ધ કરી. આ વખતે પણ પંચપરમેષ્ઠિનો જાપ સુરસુંદરીના ...ર અંતઃકરણમાંથી જરાયે ખસ્યો ન હતો.

એ વખતે એવું બન્યું, કે તે નગરીના રાજાનો હાથી ગાંડો બની બંધનથી છુટો થઈને નાઠો, અને વસ્તીમાં હાહાકાર વરતાવવા લાગ્યો. તોફાને ચડેલો હાથી આખા શહેરમાં ત્રાસ વરતાવી બંદર પર આવી પહોંચ્યો. આસપાસ ઉભેલા માણસો હાથીના ભયથી ત્રાસ પામી નાસી ગયા. જોતજોતામાં હાથી સુરસુંદરી પાસે આવ્યો, અને તેને પોતાની સૂંઢમાં લીધી. સુરસુંદરી ભયથી ત્રાસ પામી પોકારી ઉઠી:—અરે હાય, દૈવ શી તારી ગતિ ! હવે મારૂં શું થશે ? એટલામાં તો હાથીએ પોતાની સૂંઢ ફેરવીને સુરસુંદરીને અદ્ધર ઉછાળી. બરાબર તેજ વખતે સમુદ્રમાં એક વહાણ જતું હતું. સુરસુંદરી તેમાં જઈને પડી. વહાણ હાંકનાર ખલાસીએ અચાનક આ સ્ત્રીને પોતાના વહાણમાં આવેલી જોઇ; એટલે તે તેની પાસે આવ્યો. સુરસુંદરીનું મનોહર અને તેજસ્વી રૂપ જોઇ, વહાણવટી તેના પર મોહ પામ્યો. તેણે પોતાનો દુષ્ટ વિચાર સુરસુંદરીને જણાવ્યો. સુરસુંદરીએ પહેલેથી છેલ્લે સુધીનો પોતાનો વૃત્તાંત કહી, વહાણવટીને ઉપદેશ આપ્યો. વહાણવટી આખરે સમજ્યો તો ખરો, પરંતુ તેને વિચાર થયો કે આવી સુંદર સ્ત્રીને વેશ્યાને ત્યાં વેચી હોય તો ખૂબ પૈસા મળે. એ દુષ્ટ વિચારે તે નજીકના સોવનકુલ નામના બંદર પર આવ્યો. સમુદ્ર-કિનારે વહાણ નાંગરી સુરસુંદરીને વેચવા માટે તે એક વેશ્યાને ત્યાં આવ્યો.

સુરસુંદરીને સ્વરૂપવાન ધારી વેશ્યાએ વહાણવટીને મ્હોં માગ્યા દામ આપીને તેને ખરીદી લીધી. રે કર્મ ! ત્હારી પણ કળા ન્યારી છે !

હવે સુરસુંદરીને ખરીદીને વેશ્યા, પરપુરૂષને કેવી રીતે રીઝાવવા તેનો બોધ પાઠ તેને શીખવવા લાગી, પણ સુરસુંદરીએ વેશ્યાને કહ્યું કે મારે ત્રણ દિવસનો નિયમ છે, પછી હું તમારી માગણી સ્વીકારીશ. ત્રણ દિવસ પલકારામાં ચાલ્યા જશે, એમ ધારી વેશ્યાએ તેની માગણી કબુલ રાખી. સુરસુંદરી આ ત્રણ દિવસના અરસામાં કોઇ રીતે નાસી જવાનો ગ મળે તો સારૂં. એ પ્રમાણે વિચાર કરતી પ્રભુ સ્મરણ વા લાગી.

એકવાર વેશ્યા, રાજાના નિમંત્રણથી રાજદરબારમાં ગઈ. બીજી કેટલીક સ્ત્રીઓ ટોળે મળી વાર્તાલાપ અને હાસ્યવિનોદ કરતી હતી, તે તકનો લાભ લઇ સુરસુંદરી વેશ્યાનું ઘર છોડી નાઠી. જેમ સાપ કાંચળી છોડીને નાસે, તેમ સુરસુંદરી ઝડપ-હેર બંદરપર આવી પહોંચી, અને હવે મૃત્યુજ શ્રેય છે, એમ રી નવકારમંત્ર ગણી ફરીથી તેણે દરિયામાં ઝંપલાવ્યું.

પણ સુરસુંદરી આમ એકદમ દુઃખમાંથી મુક્ત થઈ શકે મ ન હતી. જેવીજ તે દરિયામાં પડી કે તરતજ એક વિશાળ માછલીએ તેને ગળી. તેવામાં એક માછીમારે સમુદ્રમાં જાળ નાખી, તેમાં આ માછલી સપડાઇ. તેને ઘેર જઈ માછીમારે તેનું પેટ ચીર્યું, તો તેમાંથી સુરસુંદરી નીકળી. માછીમારે તેને અગ્નિ, પાણી આદિ ઉપચારો કરી શુદ્ધિમાં આણી. સુરસુંદરીને સ્વરૂપવાન ધારી, તે રાજાને યોગ્ય છે, એમ માની માછીમારે તે સુરસુંદરીની રાજાને ભેટ ધરી. રાજા ણ તેનું રૂપ જોઇ મોહ પામ્યો અને હું તેને પટરાણી નાવીશ, એમ વિચારી સુરસુંદરીને તેણે અંતઃપુર

દીધી, પરંતુ સુરસુંદરીના પુણ્ય બળે રાજાની પટરાણીએ વિચાર કર્યો કે આ સુંદર સ્ત્રીને રાજા મારી જગ્યાએ મૂકશે, અને મારૂં માન ઓછું થશે, એમ ધારી તેણે સુરસુંદરીને ચુપચુપ અંતઃપુરમાંથી નસાડી મૂકી.

સુરસુંદરી ભયની મારી નાઠી, અને વિકટ અરણ્યને પંથે પડી. તેવામાં તે એક ચોરના પંજામાં સપડાઈ. ચોરે તેને સ્વરૂપવાન ધારી પોતાની પત્ની બનવાનું કહ્યું. સુરસુંદરીએ પોતાની કરૂણ કથની કહી રક્ષણ કરવાનું કહ્યું, પણ દુષ્ટ ચોરે માન્યું નહિ. તેણે સુરસુંદરીને ધમકાવવા તરવાર ઉગામી, અને મારવાની બીક બતાવી. સુરસુંદરીએ ત્યાં પવિત્ર મનથી નવકાર મંત્રનો જાપ કર્યો. નવકાર મંત્રના પ્રભાવથી ચોર ત્યાંજ સ્થંભી ગયો. તેની તરવાર હાથમાંથી હેઠી પડી ગઈ. ચોર સમજી ગયો કે આ કોઇ સતી સ્ત્રી છે. તેને સતાવવામાં સાર નથી, એમ જાણી તેણે સુરસુંદરીને જવા દીધી.

સુરસુંદરી ત્યાંથી માર્ગ કાપતી એક સરોવર પર આવી પહોંચી. સરોવરનું સ્વચ્છ જળ પી તેણે પોતાની તૃષા છીપાવી. આસપાસથી થોડાંક ફળ લાવી તેનો આહાર કર્યો અને પછી સરોવરના કિનારા પર આવી વિશ્રાંતિ લીધી. થોડીજ વારમાં તે સ્વચ્છ આકાશમાં ઉડતાં એક ગરૂડ પક્ષીએ તેને જોઈ. સુરસુંદરીને મૃતવત્ માનીને તેણે પોતાની ચાંચમાં લીધી.

સુરસુંદરી તત્કાળ જાગૃત થઈ, એટલે તે સ્ત્રી જીવતી છે એમ ધારી ગરૂડ પક્ષીએ તેને આકાશમાંથી નીચે પડતી મૂકી.

અહા! હવે તેનું શું થશે! તે મરી જશે કે બચશે એ વિચારે વાંચનારને [illegible]

પૂર્વકર્મોનો હવે અંત આવ્યો હતો. તેની ભાગ્યદશા બદ-
લાવાની હતી. જે વખતે સુરસુંદરીને ગરૂડ પક્ષીએ પડતી
મૂકી તેજ વખતે કોઇ એક વિદ્યાધરનું વિમાન ત્યાંથી જતું
હતું. સુરસુંદરી તે વિદ્યાધરના વિમાનમાં પડી. દુઃખી અબળાને
દેખી વિદ્યાધર તેની પાસે ગયો અને નમ્રભાવે સુરસુંદરીનુ
વૃત્તાંત પૂછ્યું. સર્વ આપવીતી સુરસુંદરીએ વિદ્યાધરને જણાવી.
...થી તે ખૂબ પ્રસન્ન થયો, અને તેને પોતાની બ્હેન તરીકે
...રી પોતાને ત્યાં લઇ જવાનું કહ્યું. સુરસુંદરીએ કહ્યું. મ્હને
પ્રથમ કોઇ જૈનમુનિ મહાત્માના દર્શન કરાવો. એટલે તેની
ઇચ્છા પૂર્ણ કરાવવા વિદ્યાધર સુરસુંદરીને લઇ નંદીશ્વરદ્વીપમાં
એક જ્ઞાની મુનિ પાસે આવ્યો. સુરસુંદરીએ ભાવપૂર્વક મુનિને
વંદન કર્યું.

મુનિએ તેને ધર્મબોધ આપ્યો. સુરસુંદરીએ પોતાનો
આત્મવૃત્તાંત મુનિને કહી પોતાના પતિનો ક્યાં મેળાપ થશે,
તે પૂછ્યું. જ્ઞાનિમુનિએ જણાવ્યું:—'તમારા પતિનો મેળાપ
તમને બેનાતટ નગરમાં થશે. આથી સુરસુંદરી આનંદ પામી,
મુનિને વંદન કરી વિદ્યાધર સાથે તેને ત્યાં ગઇ. અહિં વિદ્યા-
...રની ચારેય સ્ત્રીઓ સુરસુંદરી પર ખૂબ ભક્તિ દર્શાવવા
...ગી. સુરસુંદરી તે સ્ત્રીઓને ધર્મની સારી સારી વાર્તાઓ
...ી બોધ આપતી અને મનરંજન કરતી.

હવે આ તરફ અમરકુમારનું શું થયું. તે આપણે
...ીએ. સુરસુંદરીને નિરાધાર સ્થિતિમાં છોડી, અમરકુમાર
...પાઇ રસ્તે મુસાફરી કરતો કરતો 'બેનાતટ' નગરે ...

સુંદર ભેટ લઇ તે ત્યાંના રાજા પાસે ગયો. શ્રીમંત શેઠ પુ ધારી, રાજાએ તેનો સત્કાર કર્યો અને ભેટ સ્વીકારી. રાજા રજા લઈ અમરકુમાર તેજ નગરમાં વ્યાપારાર્થે ફરવા લાગ્યો તેવામાં કેટલાક સિપાઈઓએ આવીને તેને પકડ્યો અ દગાખોર છે, દગાખોર છે, એમ કહી તેને હાથકડી પહેરાવી વિમળવાહન નામના એક જકાતી અમલદાર પાસે લઈ ગય 'અચાનક આ ભયંકર આફત ક્યાંથી આવી પડી? વળી હું દગાખોર શી રીતે?' એ વિચારે તે ખૂબ મુંઝાવા લાગ્યો વિચારોના પ્રવાહમાં તણાતાં સુરસુંદરી બાબતના પણ અને તર્કો તેના મગજમાંથી પસાર થઈ ગયા. અરે! મેં બિચા સુરસુંદરીને ન ત્યજી હોત તો સારૂં, એ વિચારે તે મુંઝાવ લાગ્યો. ઉપરી અધિકારીએ તેને કેટલાએક પ્રશ્નો પૂછ્યા જે તેમ કરી અમરકુમારે તેના જવાબો આપ્યા. પણ કોઈ રીતે વિમળવાહનના મનનું સમાધાન ન થયું. અમરકુમારે છૂટવા માટે તેને ઘણી આજીજી કરી, ત્યારે વિમળવાહને કહ્યું કે તું મારા પગના તળીઆનું મર્દન કરીને સવાશેર ઘી સમાવ દે, તો હું તને છુટો કરૂં. અમરકુમારે કબુલ કર્યું. અને તે અધિકારીના પગના તળીયાનું મર્દન કરવા લાગ્યો. બિચારો કોમળ શેઠપુત્ર, ખુબ સાહ્યબીમાં ઉછરેલો. જેણે સવાશેર વજન પણ કોઇ દહાડો પોતાના હાથે ઉંચકેલું નહિ, તે સવાશેર ઘી પગના તળીઆમાં કેમ સમાવી શકે! અમરકુમારે છ આઠ કલાક સુધી મર્દન કર્યું. તો માંડ પાશેર ઘી તેમાં સમાયું હશે. અમરકુમારને કોઈ પણ રીતે બંધનમાંથી છુટવું હતું. એટલે વિમળવાહનને ઉંધી ગયેલો માની અમરકુમારે

બાકીનું ઘી પી જવાનો વિચાર કર્યો, અને ઘીનું વાસણ પોતાના મ્હોંયે ધર્યું. જેવોજ તે ઘી પીવા જાય છે કે તરતજ કુશળ વિમળવાહન બોલી ઉઠયો–અરે! આ ત્હમે શું કરો છો?

અમરકુમાર ઝંખવાણો પડી ગયો. તે બોલ્યો:–ભાઈ હેબ, મારી ભૂલ થઈ. આવું કામ હું કોઈ દહાડો નહિ કરૂં. જવાબમાં વિમળવાહને તેને કહ્યું: હે શેઠ! તમે કોણ છો, કયાંના રહેવાશી છો અને આટલા બધા દીલગીર કેમ દેખાઓ છો! જે હોય તે સત્ય હકીકત મને કહો. આ સાંભળી અમરકુમારને જરાક જીવમાં જીવ આવ્યો. તેણે પોતાની બધી વાત કહી. અંતમાં સુરસુંદરીની પોતે અવદશા કરી તે બાબત તેણે ખૂબ પશ્ચાત્તાપ કર્યો.

વિમળવાહને કહ્યું. ધારો કે તમારી તે સુરસુંદરી અદ્યાપિ જીવતી હોય તો?

અમરકુમારે કહ્યું: મહાનુભાવ, તે કદી કાળે જીવતી હોય નહિ; કારણકે વિકટ પહાડમાં તે કયારનીયે કોઈ યક્ષના રથી સ્વધામ પહોંચી ગઈ હશે.

'ના. તે હજુ જીવે છે, હું તમને હમણાંજ તમારી પ્રિય સુરસુંદરી બનાવું છું. એમ કહી વિમળવાહન અંદરના નખાનામાં ગયો. ફાટી નજરે અમરકુમાર ઓરડાના દ્વાર જોઈજ રહ્યો. એટલામાં તો સુરસુંદરી સાક્ષાત્ અમર-

કુમાર સામે આવી ઉભી રહી. તેને જોતાંજ અમરકુમાર આશ્ચર્યમાં ગરકાવ થઇ બોલી ઉઠ્યો: અહા ! શું મારી વ્હાલી પ્રિયતમા સુરસુંદરી તમેજ ?

' હા. પ્રાણનાથ ! અરિદમન રાજાની રાજસુતા હું પોતેજ સુરસુંદરીએ નમ્રતાથી કહ્યું. અહા ! આ શું ! સ્વપ્ન કે સત્ય મારી વ્હાલી પ્રિયતમાનો અચાનક અહિં મેળાપ ક્યાંથી ! દેવી ! કૃપા કરી મને આપનો વૃત્તાંત જણાવો. અરેરે આ અભાગીએ તારો ત્યાગ કર્યો. સુરસુંદરી, મને ક્ષમા આ 'નાથ, તેમાં તમારો દોષ નથી.' સુરસુંદરીએ જણાવ્યું. સ કંઇ પોતાના પૂર્વકર્માનુસાર બને છે. મનુષ્યો તો મા તેમાં નિમિત્ત રૂપજ છે. નાથ, આપે મને બેટ પર છોડી દીધી. ત્યાર પછી મને બહુ દુઃખ પડ્યું. એમ કહી સુરસુંદરીએ વિદ્યાધરને ત્યાં રહી, ત્યાં સુધીનો સઘળો વૃત્તાંત કહ્યો. પ સુરસુંદરી બોલી: નાથ, વિદ્યાધરને લઇ હું મુનિદર્શને ગઇ હતી. મુનિએ મને જણાવ્યું કે તમારા સ્વામીનો મેળાપ તમને બેનાતટ નગરમાં થશે. ત્યાંથી હું વિદ્યાધરને આવાસે આવી અને કેટલાક દિવસ સુખપૂર્વક ત્યાં રહી. પ મને આપના દર્શનનો લાભ લેવાની તીવ્ર ઇચ્છા એટલે વિદ્યાધર પાસે મેં રૂપ પરિવર્તન કરવાની વિદ્યા મેળવી. વિદ્યાધર મને વિમાનમાં બેસાડી, બેનાતટ નગરના ઉદ્યાનમાં મૂકી ગયા. મેં સ્ત્રીનો વેશ બદલી નાખીને પુરુષનો વેશ લીધો. ત્યાંથી હું માળીને ઘેર ગઇ. થોડાક દિવસ મે માન મુનિએ કહ્યું છે એમ કહી મેં તેને કેટલુંક દ્રવ્ય આપ્યું

મને થયું કે આમ ને આમ અપ્રસ્યપણે મારે અહિંયા રહેવું તે ઠીક નહિ. માટે મને બધા ઓળખે તેવો ઉપાય કરવો જોઇએ. એમ ધારી મેં દાહજ્વર રોગ નાબુદ થાય તેવી ઔષધિ એકઠી કરી. અને તે ઔષધિ-મિશ્રિત મેં એક સુંદર પંખો બનાવ્યો. તે વેચવા માટે મેં માળણને બજારમાં મોકલી, અને કહ્યું કે જે કોઇ આ પંખાની સવાલાખ સોનામ્હોરો આપે, તેને તું પંખો આપજે. માળણ બજારમાં ગઇ, પણ કોઇ તેની સવાલાખ સોનામ્હોર આપનાર મળ્યું નહિ.

એકવાર નગરશેઠના પુત્રને દાહજ્વરનો રોગ થયો. શેઠે પુત્રને માટે ઘણી ઘણી દવાઓ કરી પણ કોઇ રીતે તેનો રોગ મટ્યો નહિ. આખરે તેણે તે પંખો ખરીદ્યો. પંખાના પવનથી તેનો રોગ નાબુદ થયો. એટલે તેણે સવાલાખ સોનામ્હોરો માલણને આપી. પછી શેઠે તે પંખો રાજાને ભેટ કર્યો. રાજા આવો વ્યાધિહર અને ચમત્કારિક પંખો જોઈ પ્રસન્ન થયો. ...ણે તે પંખો બનાવનારને બોલાવી લાવવાનું કહ્યું. હું ...જદરબારમાં ગઈ. રાજાએ મને માન આપી ઇચ્છિત વસ્તુ ...ગવાનું કહ્યું. એટલે મેં રાજ્યના જકાત લેનાર અમલદારની ...સ્થા માગી. તે એજ કારણથી કે તમારાં વહાણો અહિં ...વે તો મને ખબર પડે. મેં વિમળવાહન નામ ...ણ કર્યું.

હવે એક વખત એવું બન્યું કે કેટલાક દુષ્ટ ચોરો ...ચદરબારમાં ચોરી કરવા આવ્યા. તેમણે રાજ્યનું કેટલુંક ...દિર અને સુવર્ણ ચોર્યું. તે સાથે રાજાની પુત્રીને પણ ઉપાડી લઇ ગયા. સવાર થતાં આ વાતની ખબર પડી.

એટલે રાજાની ચિંતાનો પાર ન રહ્યો. ચોરોની શોધ મ રાજાએ ચોતરફ ઘોડેસ્વારો મોકલી તપાસ કરાવી. પણ ક્ય ચોરોનો પત્તો ન લાગ્યો. છેવટે રાજાએ ઢંઢેરો પીટાવ્યો જે કોઇ વીરનર ચોરોને પકડી, મારી પુત્રી સહિત હાજ કરશે તેમને રાજા અધું રાજપાટ આપશે અને પોતા કુંવરી પરણાવશે.

એટલે મેં તેજ રાત્રે આકર્ષક વિદ્યા સાધી. વિદ્યાના પ્રભા ચોરી કરનાર ચોર મારી પાસે હાજર થયા. હું તેમને આ રાજાની પુત્રી સહિત રાજા પાસે લઇ ગઇ. રાજા આ જોઇ મારા અત્યંત ખૂશ થયો. પછી મેં ચોરોને માફી અપાવી, વિદા કર્યા. રાજાએ મને તેનું અધું રાજ્ય આપ્યું, અને તે પુત્રી પરણાવી. નાથ, જુઓ આ રાજબાળા. આપ તેની સા પુનઃ લગ્ન કરો. તેમ કહેતાંજ રાજબાળા (જે અંદરના દિવાનખાનામાં સુરસુંદરીએ સંકેત કરીને રાખી હ તે એકદમ બહાર નીકળી અને પોતાના ભાવી ભરથારના ચ ણમાં પડી. અમરકુમારના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. સુ સુંદરીએ કહ્યું:—નાથ, મને માફ કરજો; મારાથી કહ્યા વગ રહેવાતું નથી, કે મેં વિદ્યાચાર્યની શાળામાં જે શ ઉચ્ચાર્યા હતા કે 'હું સાત કોડીએ રાજ્ય લઇશ.' પરમાત્માની કૃપાથી પાર પડ્યા છે. મને અધું રાજ મળ્યું છે.

આ સાંભળી અમરકુમાર ખૂબ પ્રસન્ન થયો અં સુરસુંદરીને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યો. રાજા ગુણ પણ ત્યાં આવ્યો અને પોતાની પુત્રી ગુણમંજરીનો સંબંધ અમરકુમાર સાથે કરી આપ્યો.

કેટલાક દિવસ રોકાઇ અમરકુમાર પોતાની બંને પત્નીઓને લઇ, પુષ્કળ ધનમાલ સાથે ચંપાનગરીમાં આવ્યો, માતા પિતાને મળ્યો અને સઘળી વાત કહી. ધનપાળ શેઠ, તેની સ્ત્રી તથા રાજા રાણી સૌ કોઇના આનંદનો પાર રહ્યો નહિ. અમરકુમાર પોતાની બંને સ્નેહાળ અને પતિવ્રતા સ્ત્રીઓના સમાગમમાં અપૂર્વ સુખ ભોગવવા લાગ્યો.'

કોઇએક પ્રસંગે જ્ઞાનિ મહારાજ તે નગરમાં પધાર્યા. અમરકુમાર, સુરસુંદરી અને ગુણમંજરી મુનિને વંદન કરવા ગયા. મુનિએ આર્હત્ ધર્મની અપૂર્વ દેશના આપી. ત્રણે પ્રતિબોધ પામ્યા. તેઓ પોતાના માતા પિતા વગેરેની રજા લઇ દીક્ષિત થયાં અને ખૂબ તપશ્ચર્યા કરવા લાગ્યાં. આત્માની અપૂર્વદશા ભાવતાં, અનુક્રમે તેમનાં સર્વ કર્મો ક્ષય થયાં અને કૈવલ્ય જ્ઞાન પામી મોક્ષમાં બીરાજ્યાં.

ધન્ય છે સુરસુંદરી જેવી પવિત્ર સતિને અને ધન્ય છે એની અપૂર્વ સહન શીલતાને, સૌ કોઇ આવેલ દુઃખો સમતાથી સહન કરવાની શક્તિ કેળવે એ...
...ા.

૩ હંસરાજ વછરાજ

ગોદાવરી નદીને કિનારે પૈઠણપુર નામનું સુંદર શહેર હતું. ત્યાં નરવાહન નામે રાજા રાજ્ય કરતો. તેને ૩૬૦ રાણીયો હતી. તેમાં લીલાવતી મુખ્ય પટ્ટરાણી હતી. રાજાને મનકેશરી નામે મહાબુદ્ધિશાળી પ્રધાન હતો.

એકવાર નરવાહન રાજા પોતાના શયનભૂવનમાં સૂતો હતો, તેવામાં તેને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પોતે કનકપુર નામના એક શહેરમાં ગયો, ત્યાંના રાજા કનકભ્રમની અપ્સરા જેવી રાજકન્યા હંસાવળીને પરણ્યો, અને તેની સાથે સુખ ભોગવવા લાગ્યો. એમ સુખમય સ્વપ્નામાં લીન થતાં, સૂર્યોદય થઇ ગયો, છતાં રાજા જાગૃત થયો નહિ.

બીજી તરફ રાજ કચેરી ભરાઈ ગયેલી, હજારો નાગરિકો રાજાના આગમનની રાહ જોતા બેઠા હતા, પરંતુ અદ્યાપિ રાજા આવેલ નહિ હોવાથી, પ્રધાન તેને બોલાવવા માટે રાજમહેલમાં ગયો. નરવાહન રાજા હજુ નિંદ્રાવશ હતો, તેથી પ્રધાને તેને જગાડવા પ્રયત્ન કર્યો.

નરવાહન રાજા એકદમ બેબાકળો જાગી ઉઠ્યો. તેનું સુખમય સ્વપ્ન અદ્રશ્ય થઇ ગયું. રાજા તત્કાળ પોતાને જગાડનાર પ્રધાન પર ગુસ્સે થયો. તેણે મ્યાનમાંથી તરવાર ખેંચી કાઢી અને પ્રધાન સામે ધરીને બોલ્યો–રે દુષ્ટ પ્રધાન, શા માટે તેં મને જગાડ્યો ? આ અમરોરથી

હું તારો પ્રાણ લઈશ. કેમકે તેં મારા સુખી સંસારનો નાશ કર્યો છે. હું કનકપુર નગરની દેવકન્યા જેવી હંસાવળી સુંદરીને પરણ્યો હતો અને તેની સાથે સુખ ભોગવતો હતો. ેં મારા સુખનો વિનાશ કર્યો. માટે હું અત્યારે તારા વનનો વિનાશ કરીશ. બોલ શું કહે છે?

પ્રધાન આ સાંભળી ભયથી થરથરવા લાગ્યો, અને બચાવ માટે યુક્તિ શોધી, રાજા પ્રત્યે બે હાથ જોડી બોલ્યો:–મહારાજા, મને માફ કરો. આ બાબતની મને ખબર ન હતી, પરંતુ હું આપને એટલુંજ કહું છું કે આપે જે સુખ સ્વપ્નમાં ભોગવ્યું, તે સુખ હું આપને સાક્ષાત્ બતાવીશ. હું આપને હંસાવળી કન્યા પ્રત્યક્ષ પરણાવી આપીશ. માટે મને જીવતો રાખી એક મહિનાની મુદ્દત આપો.

'એક મહિનાની નહિ, પણ બે મહિનાની. જા. મારૂં વચન છે. પણ તેટલા વખતમાં જો તું કામ સિદ્ધ નહિ કરી આપે તો જાણજે કે તારો વિનાશ નજીકજ છે.' રાજાએ કહ્યું.

'બહુ સારૂં રાજન.' એમ કહી પ્રધાન રાજાની રજા લઈ ઘેર આવ્યો, અને હવે હંસાવળી કેવી રીતે રાજાને પરણાવવી તેના તર્કવિતર્ક કરવા લાગ્યો.

કનકપુર નગરી કયાં આવી, હંસાવલી રાજકન્યા હશે કે મ! તેની પ્રધાનને ખબરજ ન હતી, તેથી તે ખૂબ ચિંતા રવા લાગ્યો, પરંતુ 'મનુષ્યે પ્રયત્ન કરવો, થવું ન થવું ર્માધીન છે.' એમ વિચારી પ્રધાને પ્રયત્ન શરૂ કર્યો.

પ્રથમ તો તેણે રત્નપુર નગરના તમામ દરવાજે વિદ્યા-

સપાત્ર માણુસો મૂકી દીધા, અને કહ્યું કે આ નગરમાં હરકોઇ સાધુ, સંત, ગરીબ, ફકીર, વેપારી, મુસાફર જે કોઈ આવે, તેમને જે કાંઈ ચીજ જોઈએ તે તમારે આપવી, અને પછી પૂછવું કે કનકપુર નગરી જોઇ છે? જો હા કહે, તો તેમને આપણા બંગલે લઇ આવવા. આ પ્રમાણે પ્રધાનના હુકમનો વ્યવસ્થિત બંદોબસ્ત થઇ ગયો.

એમ કરતાં સત્તાવીસ દિવસો પસાર થઇ ગયા; છતાં અદ્યાપિ કનકપુર તરફના સમાચાર આપનાર કોઇ મળ્યું નહિ. તેથી પ્રધાનની ફિકર ખૂબ વધવા લાગી.

તેવામાં એક પરદેશી વેપારી પ્રધાનની નજરે પડયો. પ્રધાને તેને દેખીને પોતાની પાસે બોલાવ્યો અને પૂછયું:- ભાઇ, ત્હમે વેપારી જેવા જણાઓ છો, દેશ પરદેશ વેપાર અર્થે ફરતા હશો, તો કયાંઇ ત્હમે કનકપુર નગર જોયું છે?

વેપારી બોલ્યો:—હા સાહેબ, પણ તે અહિંથી ઘણે દૂર છે. વચ્ચે કેટલાંક સમુદ્રો ઓળંગવા પડે છે. અમે વેપાર અર્થે દેશ પરદેશ ફરીયે છીએ, એટલે ભાગ્યેજ કોઇ મોટું શહેર કે બંદર અમારાથી અજાણ્યું હોય.

આ સાંભળતાંજ પ્રધાનના આનંદનો પાર રહ્યો નહિ. ન મુદીયાને ધન સાંપડતાં જેટલો આનંદ થાય, તેટલો બલ્કે તેથી વધારે આનંદ પ્રધાનને થયો. પ્રધાનના મૃતવત્ જીવનમાં ચેતન આવ્યું. પ્રધાન તે વેપારીને માનપૂર્વક પોતાને ઘેર તેડી લાવ્યો. સુંદર ભોજન આદિથી તેનો સત્કાર કર્યો. અને કહ્યું: હે મહાનુભાવ, તમે ત્યાંના રાજાની પુત્રી હંસાવલીને જોઇ છે?

હા. એકવાર હું કનકપુરના રાજાને ભેટ આપવા ગયો હતો, તે વખતે મેં તેની પુત્રી હંસાવલીને જોઇ હતી. તેનું રૂપ તો સાક્ષાત્ ઉર્વશી કે અપ્સરાને પણ લજાવે તેવું છે. પ્રધાનજી, મેં હજારો દેશ-દેશાવર જોયા, પરંતુ તેના જેવી અનુપમ લાવણ્યવતી રાજકન્યા મેં હજી કયાંઇ જોઈ નથી.

'ત્યારે તમે અમારી સાથે કનકપુર આવવા અનુગ્રહ કરશો ?' પ્રધાને પૂછયું.

'ઘણીજ ખુશીથી, તમારી ઇચ્છા પ્રમાણે હું વર્તવા તૈયારજ છું. કેમકે મારે હવે તે તરફજ પ્રયાણ કરવાનું છે.' વેપારીએ જણાવ્યું.

પ્રધાન તે વેપારીને પોતાને ત્યાં બેસાડી, સીધો રાજા પાસે આવ્યો, અને સર્વ હકીકત જણાવીને કહ્યુંઃ રાજન, ચાલો, ત્યારે હવે આપણે રાજ્યનો બંદોબસ્ત કરી તે વેપારીની સાથે કનકપુર તરફ જઇએ.

રાજા પ્રધાન આ વેપારીની સાથે કનકપુર જવા તૈયાર થયા. રાજ્યનો બરોબર બંદોબસ્ત કરી લીધો. પહાડ, પર્વતો, નદી, નાળાં, જંગલો વટાવી તેઓ કનકપુરમાં આવી પહોંચ્યા. પેલા વેપારીએ હવે પોતાને વતન જવાની રજા માગી. પ્રધાને તેનો ખૂબ સત્કાર કરી પુનઃ પૈઠણપુર પધારવાની પ્રાર્થના કરી ઉપકાર માની રજા આપી.

રાજા અને પ્રધાન કનકપુર નગરીના દરવાજામાં પેઠા, કે તરતજ એક માળણ તેમને સામે મળી. માળણે રાજા પ્રધાનને પરદેશી ધારી પુષ્પનો હાર ભેટ આપ્યો. નગરમાં

પેસતાંજ શુકન સારા થયા, એમ માની પ્રધાને પોતાની આંગળીએથી હીરાની વીંટી કાઢીને માળણને આપી. માળણ તો મૂલ્યવાન વીંટી જોઇને ખુશ ખુશ થઈ ગઈ અને આવા માલદાર મુસાફરોને આશ્રય આપવાથી વધુ લક્ષ્મી પ્રાપ્ત થશે, એમ ધારી માળણે પ્રધાનને કહ્યું: મહાનુભાવો, આપ પરદેશી જણાઓ છો, કંઈક પ્રવૃત્તિ અર્થે અહિં પધાર્યા હશો, તો આપ મારે ત્યાં ઉતારો કરો તો ઘણી સારી વાત છે. હું આપની બનતી સેવા ચાકરી કરીશ.

'દરદીને ભાવતું હતું અને વૈદે બતાવ્યું.' એ પ્રમાણે પ્રધાને તેની પ્રાર્થના સ્વીકારી. બંને જણા માળણને ત્યાં ગયા અને સુખ પૂર્વક રહેવા લાગ્યા.

હવે પ્રધાન અને રાજા રોજ નગરમાં ફરવા જાય છે, અને સાંજ પડગે માળણને ત્યાં આવી રહે છે. એકવાર માળણે આ બંનેને કહ્યું: ભાઇઓ, જો તમે જીવવાની ઈચ્છા કરતા હો, તો નગરમાં ફરવા જવાનું છોડી દો, નહિતો કોઇ વખત સપડાતાં મૃત્યુને શરણ થઇ જવું પડશે.

માળણના આ શબ્દો સાંભળી પ્રધાન વિચારમાં પડી ગયો અને બોલ્યો:-હે માળણ, તું શા આધારે એમ કહે છે કે જીવતા રહેવું હોય તો નગરમાં ન જશો. શું કાંઇ કૌતુક છે?

માળણ બોલી:-હા, અહિંના રાજા [illegible] કન્યા હંસાવતી પુરુષ જાતિની દ્વેષિણી [illegible] દર [illegible]
અને અમાવાસ્યાને દિવસે હાથમ[illegible]
છે, અને જે કોઇ પુરુષને તે દેખે[illegible]

બીકે રાજા પ્રધાન તે દિવસે મહેલમાંજ છુપાઇ રહે છે. નાગ-રિક મનુષ્યો આવાં અવળાં થઇ જાય છે. વળી તે હંસાવલી કાળિકા દેવીની ઉપાસિકા છે, અને તે રોજ સંધ્યાકાળે દેવીના મંદિરમાં જઇ તેની ઉપાસના (ભક્તિ) કરે છે, ત્યાં તે માણસોને મારી, દેવીને તેનો ભોગ ધરાવે છે.

આ પ્રમાણે માળણનું કથન સાંભળી રાજા તો ભયથી ધ્રુજવા લાગ્યો અને મનમાં ચિંતવવા લાગ્યોઃ-અરે! હંસાવલી પાટલી બધી ભયંકર છે? જહાન્નમમાં ગયું તેને પરણવું. બાએ પ્રધાનને કાનમાં કહી દીધું કેઃ-પ્રધાન, મારે તો તેને ણવું નથી. ચાલો જલદી આપણે પૈઠણપુર પહોંચી જઇએ. પ્રધાને કહ્યુંઃ-રાજન્, ફિકર શા માટે કરો છો? ભલે હંસાવલી ભયંકર હોય, પણ હું તેને પ્રભુઇચ્છા હશે તો નરમ ઘેંસ જેવી બનાવી દઇશ અને તેનુંજ લગ્ન તમારી સાથે કરાવી આપી, તમારો સંસાર સુખી બનાવીશ. તમે અહિં માળ-ણને ત્યાંજ રહો. તેને વશ કરવા હું પાસા અજમાવું છું. શું થાય છે, તે હું તમને જણાવીશ.

એમ કહી, રાજાની રજા લઇ પ્રધાન નીકળી ગયો અને શહેર બહાર કાળિકા દેવીના મંદિરમાં પેઠો. કાળિકા દેવીની યોગ્ય સ્તુતિ કરી પ્રધાન બોલ્યોઃ-હે માતા, મારી લાજ તમારા હાથમાં છે. સ્વામીભક્તિને વશ થઇ આજે હું અસં-ભવિત કાર્ય સિદ્ધ કરવા આવ્યો છું, તો હે માતા, મને સ્હાય થજે, એમ કહી પ્રધાન દેવીની મૂર્તિ પછવાડે છુપાઇને બેસી ગયો.

-।૮ સંધ્યાકાળ થયો. હંસાવળી બે હાથમાં બે તરવારો લઈ, ઈશ્રિ સ્વરૂપ ધારણ કરી દેવીના મંદિરમાં પેઠી. થોડી વાર તેણે દેવીની સ્તુતિ કરી, એટલે ભૂત પ્રેતો અને વ્યંતર દેવો તે મંદિરમાં દાખલ થયાં; પછી હંસાવલીએ કેટલાંક જીવંત મનુષ્યોના મસ્તકો તરવારથી કાપી નાખ્યાં, અને તે દેવીને ચરણે ધરવા આવી, કે તરતજ પાછળ છુપાઈને બેઠેલા પ્રધાને ઘોર અવાજે પડકાર કર્યો:-ખબરદાર. હંસાવલી, નજીક આવીશ તો હમણાંજ તને હું મારી નાખીશ. હંસાવલી આશ્ચર્ય ચકિત બની દેવી સામે જોવા લાગી અને બોલી:-હે દેવી! મારા પર કોપાયમાન કેમ થાવ છો? શું મેં આપનો કંઈ અપરાધ કર્યો છે?

પ્રધાન બોલ્યો:-હા, આટલા બધા માણસોની થતી હિંસાથી મારૂં હૃદય ચીરાઈ જાય છે. તું શા માટે માણસોની હિંસા કરે છે? તને ખબર નથી કે હિંસાથી ઘોર નરકમાં જવું પડે છે!

હંસાવલી બોલી:-હે માતાજી, હિંસા કરવાનું એકજ કારણ છે, તે કૃપા કરી શાંત ચિત્તે સાંભળો. માતાજી, થોડા વખત પહેલાં મને જ્ઞાન થયેલું; તેમાં મેં મારો પૂર્વભવ જોયો. પૂર્વભવે હું એક પક્ષીણી હતી. એક બગીચામાં ઝાડ પર હું મારા પતિદેવ પક્ષી સાથે પ્રેમ સુખ ભોગવતી. કેટલાક વખત પછી મેં બે ઈંડાં મૂક્યાં, તેવામાં અચાનક તે ઝાડને દવ લાગ્યો, એટલે મેં મારા પતિને સરોવરમાંથી પાણી લઈ આવવા કહ્યું, કેમકે પાણીના સીંચનથી તે દવના પાંદડાં બુઝાઈ જાય, એટલે અમે અગ્નિમાંથી બચી જઈએ, તેથી

મારો પતિ પાણી લેવા માટે સરોવર પર ગયો, પણ તે ગયો તે ગયોજ. ફરી આવ્યોજ નહિ. તેવામાં દવ બળતો બળતો અમારી પાસે આવી પહોંચ્યો, એટલે હું અને મારાં બચ્ચાંઓ તેમાં બળીને ખાખ થઇ ગયાં. મને મારા પતિ પ્રત્યે તે વખતે ખૂબ તિરસ્કાર થયો. મેં વિચાર્યું કે પુરૂષ જાતિ હંમેશાં સ્વાર્થી છે. હે માતાજી, પૂર્વ ભવના મારા તે પુરૂષ પતિ પરના ક્રોધને લીધે હું આ ભવમાં પુરૂષ જાતિ પર દ્વેષભાવવાળી બની છું, અને તેને લીધેજ હું જે જે પુરૂષને દેખું છું, તેનો વિનાશ કરૂં છું.

આ સાંભળી દેવી (પ્રધાન) બોલી:-હંસાવલી, તારા પૂર્વના પતિએ જે કામ કર્યું છે, તે ભાગ્યેજ બીજા કોઇથી બની શકે. તેણે તો તારી પાછળ ચિતામાં પડી પોતાનો દેહ સળગાવી દીધો છે. સમજી ?

આ સાંભળતાંજ કુંવરી આશ્ચર્ય પામી અને નમ્ર થઇને બોલી:-હે જોગમાયા ! મને ખબર ન હતી. મારો અપરાધ માફ કરો. આજ પછીથી હું કોઇ પણ પુરૂષનો વધ નહિ કરૂં.

'જા ત્યારે.' દેવી (પ્રધાન) બોલી.

હંસાવળી ફરી દેવીને નમસ્કાર કરી, નમ્ર બનીને ચાલી ...ાઈ અને પોતાના રાજમહેલમાં આવી. પ્રધાન દેવીની પાછ...ાથી બહાર નીકળ્યો અને તેની સામે બે હાથ જોડી ઉભો ...હ્યો. પ્રધાનની તીવ્ર બુદ્ધિ જોઇ દેવી હસી પડી. પ્રધાન ...લ્યો. હે માત, મારો અપરાધ ક્ષમા કરજે. હે ચિંતાહરી, ...સરસ્વતી, તારી પ્રસન્નતાથી સંસારનાં કામ સફળ થાય છે,

હું આ બધો પ્રપંચ મારા સ્વામી નરવાહન રાજા માટે કરું છું. આપ મારા પર કૃપા દર્શાવવા ઇચ્છતા હો તો મારી આપને વિનંતિ છે કે મને મનઃ કલ્પિત ચિત્રો દોરવાની શક્તિ આપો.

દેવીએ કહ્યું:—તથાસ્તુ. એટલે પ્રધાન દેવીને વંદન કરી ત્યાંથી નીકળી ગયો. અને નરવાહન રાજા પાસે આવી પહોંચ્યો. બનેલી સઘળી હકીકત તેણે રાજાને કહી. રાજા પ્રધાનની બુદ્ધિ જોઇ તાજુબ થયો અને તેને વારંવાર ધન્યવાદ આપવા લાગ્યો.

હવે પ્રધાન ભાતભાતનાં સુંદર ચિત્રો બનાવે છે. કોઈ વાઘના, સિંહના, હાથીના, મનુષ્યના, પહાડ પર્વતના; એમ અનેક ચિત્રો બનાવી શહેરમાં વેચે છે. સૌ કોઇ આ પ્રધાનની સુંદર ચિત્રકળા જોઇ છક થઇ જાય છે અને પુષ્કળ દામ આપી તે ચિત્રો ખરીદી લે છે. એમ કરતાં પ્રધાનની ચિત્રકળાની પ્રશંસા ઠેરઠેર થવા લાગી. એકવાર હંસાવતીની દાસીએ આ ચિત્રો જોયા. તેણે હંસાવતીને વાત કરી, એટલે હંસાવતીએ ચિત્રકારને પોતાના મહેલે તેડાવ્યો. કેટલાંક ચિત્રો ખરીદીને તેણે નવા ચિત્રકારને કહ્યું કે તમે એક પડદા પર એવા સરસ ચિત્રો બનાવી લાવો, કે જેથી આ મારો આખો મહેલ ચિત્રોથી શોભી ઉઠે પ્રધાને કબુલ કર્યું. હંસાવતીએ તે માટે તેને કેટલુંક દ્રવ્ય આપ્યું તે લઇ પ્રધાન ઘેર આવ્યો.

હવે બુદ્ધિવાન પ્રધાને એક રૂપેરી પડદાપર મનોહર ચિત્ર દોરવા શરૂ કર્યાં તેમાં તેણે હંસાવતીના પર્વતા

પક્ષીના ભવનું વિધવિધ દ્રશ્યોવાળું આબેહૂબ ચિત્ર બનાવ્યું. પક્ષી, પક્ષીણી, બે ઇંડાં, બગીચો, ઝાડ, બળતો દાવાનળ, સરોવર, બે ઇંડાંની સાથે પક્ષીણીનું અગ્નિમાં બળવું, અને પાછળથી પક્ષીનું અગ્નિમાં ઝંપલાવવું. ઇત્યાદિ તેના પૂર્વભવનાં જુદા જુદા તમામ ચિત્રો દોર્યાં. તે લઇ પ્રધાન હંસાવલી પાસે ગયો અને ચિત્રો બતાવ્યાં. પોતાની પાછળ પોતાનો સ્વામી (પક્ષી) બળીને ખાખ થઇ ગયો, એ પ્રેમ-દ્રશ્ય દેખતાંજ હંસાવલી મહેલમાં મૂર્છાગત બની ગઈ. આસપાસથી કેટલીક દાસીઓ ત્યાં દોડી આવી. કોઇ ચિત્રકારને ઠપકો આપવા લાગી, તો કોઇ દેવીને દોષ આપવા લાગી. તો કોઇ કહેવા લાગી કે હંસાવલીને ભૂત વળગ્યું છે. એમ સૌ કોઈ પોતપોતાને ફાવે તેમ બોલવા લાગ્યું.

આખરે કેટલીક વારે જ્યારે તે સાવધ થઈ, ત્યારે ચિત્રકાર પ્રત્યે બોલીઃ–હે વીર ચિત્રકાર, તમે કોઈ અજબ બુદ્ધિશાળી સજ્જન જણાઓ છો, તો કૃપાકરી મારા પૂર્વભવના પ્રેમીનો પત્તો મેળવી આપો. તમે કહેશો તેટલું હું તમને દ્રવ્ય આપીશ અને જીંદગીભર હું તમારો ઉપકાર નહિ ભૂલું.

વીરનર ! મારો પૂર્વભવનો પતિ મળશે, તોજ હું લગ્ન કરીશ. નહિ તો હું આપઘાત કરી આ દેહનો અંત આણીશ.

રાજકન્યા હંસાવલીનું ઉક્ત કથન સાંભળી પ્રધાન બોલ્યોઃ–હે બાળા ! જા. હું તારો પૂર્વભવનો પતિ એક મહિનામાં મેળવી આપીશ. પેઠણપુર નગરીમાં નરવાહન નામે રાજા છે તે તારો પૂર્વભવનો પતિ છે. તેને ૩૬૦ રાણીયો

છે અને તે સ્વર્ગ જેવું સુખ ભોગવે છે. તું આજથી ૩૦મે દિવસે સ્વયંવર મંડપ રચાવજે અને તે પહેલાં જરૂર હું અહિંયા આવી પહોંચીશ. તે નગરી અહીંથી ઘણે દૂર છે, એટલે જાન લઇને નહિ આવી શકાય. માત્ર અમે બેજ જણ અહિં આવીશું.

'જરૂર પધારજો, હું મેઘની જેમ તમારી રાહ જોઇશ' હંસાવલીએ કહ્યું.

'બહુ સારૂં.' એમ કહી પ્રધાન તેની રજા લઇ ત્યાંથી ચાલ્યો ગયો અને સીધો માળણને ત્યાં આવી, રાજાને સર્વ વાતથી વાકેફ કર્યો. અહીં બંને જણા ગુપ્ત રહેવા લાગ્યા. ૨૭ દિવસો પસાર થઇ ગયા, છતાં ચિત્રકારના દર્શન થયાં નહિ; તેથી હંસાવલીની ચિંતામાં વૃદ્ધિ થવા લાગી. ૨૮ મે દિવસે મધ્ય રાત્રે ગુપ્તપણે રાજા અને પ્રધાન હંસાવલીના મહેલમાં દાખલ થયા. ચિત્રકાર (પ્રધાન) ને જોઇ હંસાવલીને ખૂબ આનંદ થયો. પ્રધાને નરવાહન રાજાની ઓળખાણ આપી. હંસાવલીના હૃદયમાં પ્રેમના અંકુરો સ્ફુરિત થયાં.

સ્વયંવર મંડપ રચવામાં આવ્યો. અન્ય રાજાઓની જેમ નરવાહન રાજા અને ચિત્રકાર પ્રધાન સ્વયંવર મંડપમાં દાખલ થયા. હંસાવલી હાથમાં પુષ્પહાર ગ્રહણ કરી રાજસભામાં આવી અને નરવાહન રાજાને ઓળખી તેના કંઠમાં પુષ્પહાર પહેરાવ્યો. સભામાં જયજય ધ્વનિ થઈ રહ્યો. નરવાહન અને હંસાવલીના લગ્ન થઈ ગયાં. કેટલાક દિવસ સુધી તેઓ ત્યાં રહ્યા. કનકભ્રમ રાજાની રજા લઈ પૈઠણપુર નગ

આવી પહોંચ્યા. નરવાહન રાજા હંસાવલી રાણી સાથે
ત પ્રેમસુખ ભોગવવા લાગ્યો. પ્રધાનને ખૂબ ઇનામ મળ્યું
મહારાજાનો તે ખાસ પ્રીતિપાત્ર બની રહ્યો.

સાંસારિક સુખ ભોગવતાં નરવાહન રાજાને હંસાવલી
ણીથી બે પુત્રો થયા. ૧ હંસરાજ અને ૨ વછરાજ. મોટો
ઈ વછરાજ અને નાનો ભાઈ હંસરાજ. બંને ભાઈઓ
માં સાક્ષાત કામદેવ જેવા. ૧૫ વર્ષની ઉમર થતાં સુધી,
ઓ ખૂબ ભણ્યા, ગણ્યા અને ૭૨ કળામાં પ્રવીણ થયા.

એકવાર હંસરાજ અને વછરાજ રાજમંદિરના વિશાળ
ચોકમાં રત્નના દડે રમતા હતા. રમતા રમતા દડો પાસેના
લીલાવતી રાણીના મહેલમાં ગયો. હંસરાજ દડો લેવા માટે
પોતાની ઓરમાન માતા લીલાવતી પાસે આવ્યો અને
દડાની માગણી કરી. હંસરાજ કુમારનું ઈંદ્ર સરખું રૂપ દેખી
લીલાવતી તેના રૂપમાં મોહ પામી અને પોતાની શોકના
પુત્ર સાથે પ્રેમ સંબંધ કરવાની કામેચ્છા તેના હૃદયમાં જાગૃત
થઈ. હંસરાજે લીલાવતીને કહ્યું: માતાજી, મારો દડો આપોને!

લીલાવતી બોલી:-કુમાર, દડો આપું પણ તે એકજ શરતે.

'શી શરત છે માતાજી'? હંસે કહ્યું.

'હંસરાજ, મ્હને માતાજી તરીકે ન સંબોધો, અત્યારે
હું તમારી માતા નથી.' લીલાવતી બોલી.

'એટલે! શું તમે મારી સાવકીમા નહિ? સાવકી અને
સગી મામાં હું કંઈ ભેદ ગણતો નથી.' હંસે જણાવ્યું.

'એમ તેમ, પરંતુ કુમાર, આજે હું તારા રૂપ પર મોહ

પામી છું. તારી સાથે શયન કરી આજે મારે મારી કામવેદના શાંત કરવી છે, માટે કૃપા કરી મારી પાસે આવ. આપણે પ્રેમસુખ ભોગવીયે.

'અરે! માતાજી, તમે આ શું બોલો છો? આવા અયોગ્ય શબ્દો તમારા મ્હોંમાં શોભતા નથી? હું તો તમારો પુત્ર છું.' હંસરાજ બોલ્યો.

'તું મારો પુત્ર નહિ, પણ હંસાવલીનો. મારે અને તારે કશો સંબંધ ન કહેવાય. સાવકી માતા સાથે વિષય સુખ ભોગવતાં ધર્મહાનિ ન થાય.' લીલાવતી મોહાંધ બની શિખામણ આપવા લાગી. હંસરાજ બોલ્યો:–માતા, તારી ઇચ્છા મારાથી તૃપ્ત નહિ થઇ શકે. હંસરાજ ત્રિકાળે પણ અપરમાતા તો શું પણ જગતની કોઇપણ પરસ્ત્રી સાથે ગમન નહિ કરી શકે. સમજ્યા?

એમ બોલી હંસરાજ એકદમ લીલાવતીની પાસે જઇ પહોંચ્યો અને તેના હાથમાંનો રત્નદડો ઝુંટવી ચાલ્યો ગયો.

આથી લીલાવતીને ખૂબ ક્રોધ ચડ્યો. તેણે કોઇપણ રીતે શોક્યપુત્રોનું વેર લેવાનો નિશ્ચય કર્યો. દુષ્ટ લીલાવતીએ સ્ત્રી ચરિત્રનો વેશ ભજવવો શરૂ કર્યો. તેણે પોતાનું ચીર ફાડી નાખ્યું. કંચુકીના કકડા કર્યા. પોતાના હાથથી શરીરના ભાગો પર ઉઝરડા કર્યા. અને [illegible] તે એક ખૂણામાં ઉંધે મસ્તકે ઢોલિયાપર સૂઈ રહી.

[illegible]

સીને પૂછ્યું: દાસીએ કહ્યું:–મહારાજા, ગમે તે કારણથી
લ્જે તેઓ ઉદાસ બની પેલા સામેના ખૂણામાં સૂઈ રહ્યાં છે.

નરવાહન રાજા લીલાવતીની પાસે ગયો અને તેને
જગાડ્યા તેનું ચીર ખેંચવા લાગ્યો, એટલે લીલાવતી ગુસ્સા-
પૂર્વક બોલી ઉઠી:–સસરાજી, શા માટે મારૂં ચીર ખેંચો છો?
તમે તો મારા સસરા થાવ અને હું હંસકુમારની રાણી થાઉં.

'હેં?' રાજા આશ્ચર્ય પામી બોલ્યો.

હા. હંસકુમાર આજ સાંજે મારી પાસે આવ્યો અને
તેણે પોતાની દુષ્ટ કામવાસના તૃપ્ત કરવાની મારી પાસે માગણી
કરી. મેં તેનો અનાદર કર્યો, એટલે તેણે મારા પર બળા-
ત્કાર કરવા માંડ્યો. પરિણામે મારૂં ચીર ચીરાઇ ગયું, કંચુ-
કીના કકડા થયા, અને જુઓ, આ અંગ પર ઉઝરડા પડ્યા!

સ્ત્રી ચરિત્રની ભયંકર લીલા રાજા પારખી શક્યો નહિ:
નરવાહન રાજાના આખા શરીરમાં આ સાંભળી ક્રોધ પ્રજ્વ-
લિત થઈ ગયો. તરત તેણે મનકેશરી પ્રધાનને બોલાવી સર્વ
વાત જણાવી કહી દીધું કે જાઓ, અત્યારે ને અત્યારે એ
બંને દુષ્ટ કુમારોને જંગલમાં લઇ જઇ મારી નાખો.

પ્રધાને રાજાને વગર વિચારે સાહસ ન કરવા ઘણું
સમજાવ્યો, પરંતુ કાચા કાનના રાજાએ માન્યું નહિ. આખરે
પ્રધાન હંસરાજ અને વછરાજને લઇ મધ્ય જંગલમાં આવી
પહોંચ્યો. ત્રણે જણા ઘોડાપરથી નીચે ઉતર્યા. પ્રધાને બંને
કુમારોને નમ્રતાથી કહ્યું:–હે કુમારો, ત્રણે કાળમાં ચંદ્રમાં
અગ્નિ સંભવે નહિ. સમુદ્ર પોતાની મર્યાદા મૂકે નહિ. તેમ

પામી છું. તારી સાથે શયન કરી આજે મારે મારી કામવેદના શાંત કરવી છે, માટે કૃપા કરી મારી પાસે આવ. આપણે પ્રેમસુખ ભોગવીયે.

'અરે! માતાજી, તમે આ શું બોલો છો? આવા અયોગ્ય શબ્દો તમારા મ્હોંમાં શોભતા નથી? હું તો તમારો પુત્ર છું.' હંસરાજ બોલ્યો.

'તું મારો પુત્ર નહિ, પણ હંસાવલીનો. મારે અને તારે કશો સંબંધ ન કહેવાય. સાવકી માતા સાથે વિષય સુખ ભોગવતાં ધર્મહાનિ ન થાય.' લીલાવતી મોહાંધ બની શિખામણ આપવા લાગી. હંસરાજ બોલ્યો:–માતા, તારી ઈચ્છા મારાથી તૃપ્ત નહિ થઈ શકે હંસરાજ ત્રિકાળે પણ અપરમાતા તો શું પણ જગતની કોઈપણ પરસ્ત્રી સાથે ગમન નહિ કરી શકે. સમજ્યા?

એમ બોલી હંસરાજ એકદમ લીલાવતીની પાસે જઈ પહોંચ્યો અને તેના હાથમાંનો રત્નદડો ઝુંટવી ચાલ્યો ગયો.

આથી લીલાવતીને ખૂબ ક્રોધ ચઢ્યો. તેણે કોઈપણ રીતે શોકપુત્રોનું વેર લેવાનો નિશ્ચય કર્યો. દુષ્ટ લીલાવતીએ સ્ત્રી ચરિત્રનો ખેલ ભજવવો શરૂ કર્યો. તેણે પોતાનું ચીર ફાડી નાખ્યું. કંચુકીના કકડા કર્યા. પોતાના હાથથી શરીરના અંગો પર ઉઝરડા કર્યા, અને રીસાઈને તે એક ખૂણામાં ઉંધે માથે ઢોલિયાપર સૂઈ રહી.

રાત્રિનો સમય થતાં નરવાહન રાજા લીલાવતીના મહેલે આવ્યો. [illegible] ન [illegible]

દાસીને પૂછ્યું: દાસીએ કહ્યું:–મહારાજા, ગમે તે કારણથી આજે તેઓ ઉદાસ બની પેલા સામેના ખૂણામાં સૂઈ રહ્યાં છે.

નરવાહન રાજા લીલાવતીની પાસે ગયો અને તેને જગાડવા તેનું ચીર ખેંચવા લાગ્યો, એટલે લીલાવતી ગુસ્સાપૂર્વક બોલી ઉઠી:–સસરાજી, શા માટે મારૂં ચીર ખેંચો છો? તમે તો મારા સસરા થાવ અને હું હંસકુમારની રાણી થાઉં.

'હેં ?' રાજા આશ્ચર્ય પામી બોલ્યો.

હા. હંસકુમાર આજ સાંજે મારી પાસે આવ્યો અને તેણે પોતાની દુષ્ટ કામવાસના તૃપ્ત કરવાની મારી પાસે માગણી કરી. મેં તેનો અનાદર કર્યો, એટલે તેણે મારા પર બળાત્કાર કરવા માંડયો. પરિણામે મારૂં ચીર ચોરાઇ ગયું, કંચુકીના કકડા થયા, અને જુઓ, આ અંગ પર ઉઝરડા પડયા!

સ્ત્રી ચરિત્રની ભયંકર લીલા રાજા પારખી શકયો નહિ. નરવાહન રાજાના આખા શરીરમાં આ સાંભળી ક્રોધ પ્રજ્વલિત થઈ ગયો. તરત તેણે મનકેશરી પ્રધાનને બોલાવી સર્વ વાત જણાવી કહી દીધું કે જાઓ, અત્યારે ને અત્યારે એ બન્ને દુષ્ટ કુમારોને જંગલમાં લઇ જઇ મારી નાખો.

પ્રધાને રાજાને વગર વિચારે સાહસ ન કરવા ઘણું સમજાવ્યો, પરંતુ કાચા કાનના રાજાએ માન્યું નહિ. આખરે પ્રધાન હંસરાજ અને વછરાજને લઇ મધ્ય જંગલમાં આવી પહોંચ્યો. ત્રણે જણા ઘોડાપરથી નીચે ઉતર્યા. પ્રધાને બન્ને કુમારોને નમ્રતાથી કહ્યું:–હે કુમારો, ત્રણે કાળમાં ચંદ્રમાં અગ્નિ સંભવે નહિ. સમુદ્ર પોતાની મર્યાદા મૂકે નહિ. તેમ

તમે ધર્મ અને નીતિને ચૂકો નહિ. એવી મને સંપૂર્ણ ખાત્રી છે. આ બધું કારસ્તાન દુષ્ટ રાણી લીલાવતીનું છે. અને તેથીજ મહારાજાએ તમારા પર ક્રોધાયમાન થઇ તમને મારી નાખવાનો હૂકમ કર્યો છે. પરંતુ જાઓ, હું તમને આજે જીવતદાન આપી છોડી મૂકું છું. લ્યો, આ બાર રત્નો, અને આ બન્ને ઘોડાપર બેસી દૂર દેશાવર ચાલ્યા જાઓ. એમ કહી પ્રધાને પોતાની સાથે લાવેલા બાર રત્નો વચ્છરાજને સોંપી દીધા બન્ને ભાઈઓ દયાળુ પ્રધાનનો આભાર માની ત્યાંથી વિદાય થઇ ગયા. પ્રધાન રાજા પાસે આવ્યો અને બન્ને કુમારોને અધવચ જંગલમાં મારી નાખ્યાની વાત કહી.

આ સાંભળી રાણી લીલાવતી ખૂબ આનંદ પામી તેણે પ્રધાનને ગુપ્ત રીતે પોતાના મહેલમાં તેડાવ્યો અને પૂછ્યું: પ્રધાનજી, બન્ને કુમારોને મારી નાખતી વખતે હંસરાજ કંઈ બોલ્યો હતો?

બુદ્ધિશાળી પ્રધાને જણાવ્યું:-હા, મહારાણીજી. તે વખતે હંસરાજે મને કહ્યું કે મેં લીલાવતીનું વચન માન્યું હોત, તો અમારી આ દશા ન થાત. આ સાંભળી લીલાવતીની મુખમુદ્રા પર ભય અને શોકની છાયા છવાઇ ગઇ. ચતુર પ્રધાન સમજી ગયો કે નકી આ દુષ્ટ કાર્ય લીલાવતીએજ કર્યું છે; પણ ડાહ્યો પ્રધાન મૌન ધારણ કરી, રાણીની રજા લઈ સ્વસ્થાનકે આવ્યો.

હવે આ તરફ હંસરાજ અને વચ્છરાજ બન્ને ભાઈઓ ... હંસરાજને ...

ગી તેથી તેણે વછરાજને કહ્યું:-મોટાભાઈ, મને ખુબ તૃષા
ગી છે. હવે મારાથી આગળ ચલાય તેમ નથી, માટે
આટલામાં ક્યાંયથી તમે પાણી લાવી આપો તો સારૂં.

વછરાજ બોલ્યો:-ભાઇ, આ વડના ઝાડ નીચે તું બેસ. હમણાંજ હું પાણી શોધી લાવી તને આપું છું. એમ કહી વછરાજ ઘોડાપર બેસી પાણી શોધવા માટે ગયો. હંસરાજ વડના ઝાડ સાથે પોતાના ઘોડાને બાંધી વિશ્રામ લેવા માટે બેઠો. અતિશય થાકને લીધે તે જરા આડો પડ્યો અને થોડીજ વારમાં નિંદ્રાદેવીને સ્વાધીન થઈ ગયો. તેવામાં કર્મ-સયોગે એક ભયંકર સર્પ ઝાડમાંથી બહાર નીકળી આવ્યો, અને જ્યાં હંસરાજ સુતો છે, ત્યાં આગળ પહોંચ્યો. થોડી-વાર સર્પ હંસરાજની આસપાસ ફર્યો, અને જાણે તે તેનો પૂર્વભવનો વૈરી ન હોય ! તેમ તે સર્પ ક્રોધમાં આવીને, સુતેલા હંસરાજને ડંખ દીધો. એકવાર, બેવાર, ત્રણવાર અને ચારવાર હંસરાજના શરીરના જુદા જુદા ભાગપર તે ડંસ્યો. એકજ ક્ષણમાં હંસરાજના આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું. તેનું આખું શરીર લીલા વર્ણનું થઈ ગયું. પરિણામે હંસ મૃત્યુ પામ્યો.

બીજી તરફ વછરાજે, કેટલેક દૂર ગયા પછી એક સરો-વર જોયું. તે દેખી તેના હૃદયને શાંતિ થઇ, એક જળપાત્રમાં પાણી ભરી અધપર પૂરવેગે તે હંસરાજ પાસે આવી પહોંચ્યો, પણ હંસરાજનું લીલું થાય જેવું શરીર જોઈ તે વહેમાયો. તેણે હંસને બોલાવવા માંડ્યો, પણ કોણ બોલે ! વછરાજે હંસની નાડીઓ તપાસી, પણ તે સ્થિર હતી. હંસ નિશ્ચે-

૫

તન થઈ ગયો હતો. સામે દ્રષ્ટિ ફેંકતાં જ વછરાજે એ
ભયંકર સર્પને ઝાડીમાં પ્રવેશતો જોયો, તે જોતાંજ વછરાજ
બુમ પાડી ઉઠયો:—અરે હાય ! આજ ભયંકર
સર્પે મારા પ્રેમાળ ભાઈનો પ્રાણ લીધો ! હે ભાઈ
જો તારે આમ કરવું હતું, તો શા માટે આટઆટલા
વર્ષો સુધી તેં સ્નેહ જાળવી રાખ્યો ? ભાઈ, હવે હું નિરા
ધાર બન્યો છું, તારા વિના હું ઝુરીઝુરીને મરણ પામીશ
હે ભાઈ, જો મને આવી ખબર હોત, તો હું તને સા
લઈને જ જાત.

આખરે ભાઈના મૃત્યુપર ખુબ આંસુ સાર્યા પછી, વછરા
શાંત થયો. તેણે વિચાર્યું કે પાણીમાં વેણુ પીટવાથી તે
નીકળનું નથી, તેમ ભાઈના મૃતદેહ પર શોકાધીન બની બેસ
રહેવાથી કંઈ વળવાનું નથી. માટે હવે તો મૃત દેહને ચંદન
કાષ્ટથી અગ્નિ સંસ્કાર કરવો જોઈએ. વળી શબને આ જગ્યા
રાખવાથી વાઘ, વરૂનો ભય છે, માટે કોઈ નિર્વિઘ્ન જગ્યા
શબને મુકી હું કોઈ નજીકના શહેરમાં ચંદનનાં કાષ્ટ લેવા જા

એવો વિચાર કરી વછરાજે હંસરાજના શબને
[illegible] પર લીધું અને બીજા [illegible] સાથે રાખીને તે [illegible]
[illegible] આવ્યો [illegible] [illegible] ઝાડ સાથે હંસરાજના શબને [illegible]
[illegible] [illegible] [illegible] સાથે [illegible] [illegible] કોઈ [illegible]માં [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]નગરી નામ
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

માં તેની નજર એક મોટા શેઠની દુકાનમાં ગઇ. આ શેઠનું
ન સુમ્મણ શેઠ. આ સુમ્મણ શેઠ કંજુસ હતો, લોભી હતો
ને હરકોઇ માણસને ફસાવી પૈસા પડાવી લેવામાં પ્રવીણ
તો. અન્યાય, અનીતિ કરીને સેંકડો માણસોની થાપણો
ળવીને તે ધનાઢય થયો હતો. મોટી ફાંદવાળા સુમ્મણ
ઠને ભાગ્યશાળી અને વિશ્વાસુ ધારીને વછરાજ તેની દુકાન
સે જઇ ઉભો રહ્યો. સુમ્મણ શેઠની નજર આ પરદેશી
ુસાફર તરફ ગઇ, એટલે તરત સુમ્મણ શેઠે કહ્યું:-પધારો,
ધારો. ભાઈ ઉપર આવો.

બંને ઘોડાને દુકાન પાસેજ ઉભા રાખી, વછરાજ સુમ્મણ શેઠની પેઢીપર ચઢયો. શેઠે મધુર વચનથી તેને આદર આપી ગાદીપર બેસાડયો અને કહ્યું:—ભાઇ, તમે કોણ છો ? અને કયાંથી આવો છો ? વળી તમારી પાસે બે ઘોડાઓ છે, એટલે બીજું કોઇ સાથે હોવું જોઇએ.

શેઠના મધુર શબ્દો સાંભળી વછરાજે કહ્યું:-શેઠ સાહેબ, હું પરદેશી મુસાફર છું. મારૂં નામ વછરાજ છે. મારી સાથે મારો ભાઇ હંસરાજ હતો. પરંતુ રસ્તામાં તેને સર્પ કરડવાથી તેનું મૃત્યુ થયું છે. શેઠ સાહેબ, મારા ભાઇના મૃતદેહને અગ્નિ સંસ્કાર કરવા હું ચંદનના લાકડા લેવા માટે અહિં આવ્યો છું. મારી પાસે બે અશ્વો અને બાર રત્નો છે. આપ શ્રીમંત છો, સુખી છો, પુણ્યશાળી છો, તેથી આપ મારાં બે અશ્વો અને બાર રત્નો થાપણ તરીકે રાખી, મને થોડાં ચંદનનાં લાકડાં આપશો. એવી આપને મારી નમ્ર વિનંતિ છે.

થોડા વખત બાદ તમારા ચંદનના લાકડા તમોને પાછા સોંપી, અગર તેની યોગ્ય કિંમત ભરી મારી વસ્તુઓ હું લઇ જઇશ.

આ સાંભળી સુમ્મણુ શેઠ મનમાં ખૂબ મલકાયો. તેણે વિચાર્યું: ઓહો! ડાળું તો હાથમાં સારૂં આવ્યું. કંઇ કલેજે અને ગંભીરતાથી શેઠ બોલ્યો:—ઓહો, ભાઇશ્રી. એમાં તે શી મોટી વિસાત છે. ખુશીથી તમારી ચીજો મારે ત્યાં મૂકી જાઓ અને ચંદનના લાકડા લઇ જાઓ.

વિશ્વાસુ વછરાજે બે અશ્વો અને બાર રત્નો કૃપણ સુમ્મણુ શેઠને સોંપી દીધા. મૂલ્યવાન રત્નને દેખી શેઠ તો ત્યાંજ સ્થંભી ગયો. રત્નને જોતાંજ તેની બુદ્ધિ બગડી ગઇ. ત્યાંજ તેણે મનમાં નિશ્ચય કરી લીધો કે હરકોઇ પ્રયત્ને આપણે તેના આ રત્નો પચાવવા તો ખરાજ. વછરાજ સુમ્મણુશેઠને ત્યાંથી ચંદનના લાકડા લઇને ચાલ્યો.

હવે આ તરફ હંસરાજના શબને, જે વડના ઝાડ નીચે બાંધ્યું હતું, તેજ ઝાડ પર એક ગગનવિહારી ગરૂડ પક્ષી આવીને બેઠું. કેટલીકવાર બેસી પક્ષી [illegible] પોતાના [illegible] [illegible] છોડી તે [illegible] હંસરાજના શરીર પર પડી [illegible] પ્રતાપે હંસરાજના શરીરનું તમામ ઝેર ચુસાઇ ગયું. [illegible]

ને નીચે ઉતરી નજીકના સરોવર પર આવ્યો. ત્યાં તેણે
સ્વચ્છ જળ પીધું, સ્નાન કર્યું અને હવે પોતાનો ભાઈ વછરાજ
ક્યાં મળશે, તેની શોધમાં તે નીકળી પડયો.

અઘોર અરણ્યમાં ભટકતા ભટકતા, અને ભાઇ, 'ભાઈ'
કરીને પોકાર કરતા હંસરાજને જંગલમાં એક મુનિ મહા-
ત્માનો મેળાપ થયો. હંસરાજના શુષ્ક જીવનમાં નવું ચેતન
પ્રગટ થયું. તે મુનિ પાસે આવ્યો, તેમને બે હાથ જોડી
પ્રણામ કર્યા. મુનિએ તેને બોધ આપ્યો. તે બોધ તેના
ચિંતાતુર મગજમાં ઉતરી શકયો નહિ. હંસરાજે મુનિને કહ્યું:–
હે મહાત્મન્! કૃપા કરી મને મારો ભાઈ બતાવશો.

હંસરાજનું અસ્થિર મગજ જોઇ મુનિએ કહ્યું:–હે કુમાર.
તારો ભાઈ વછરાજ, તું મૃત્યુ પામ્યો હોવાથી તારા માટે
ચંદનના કાષ્ટ લેવા ગયો છે, તે તને હવે છ મહીને કુંતીન-
ગરીમાં મળશે. મુનિના મુખે આ સમાચાર સાંભળી હંસરાજ
ઉદાસ થયો; પણ આખરે મેળાપ થશે, એમ જાણી આનંદ
પામ્યો. મુનિને વંદન કરી તે કુંતીનગરી તરફ ચાલ્યો.

હવે વછરાજ ચંદનના લાકડા લઈ સરોવર પાસેના વડ
પાસે આવી પહોંચ્યો. ત્યાં તેણે હંસરાજને જોયો નહિ. એટલે
તેના શોકનો પાર રહ્યો નહિ. તે કરૂણસ્વરે બોલી ઉઠયો:
અરે હાય! કર્મ તારી ગતિ ગહન છે. મૃત્યુ પામેલા ભાઇનો
અગ્નિ સંસ્કાર કરી, ઋણમુક્ત થવાનો પ્રસંગ પણ મને ન
મળ્યો! રે વિધિ, તારી ઘટના અજબ છે. શું મારા ભાઇના
મૃત શબને કોઇ શિકારી જાનવર ભક્ષ કરી ગયું હશે? ના,

ના. અહિં હિંસક જાનવરોનો ભય નથી. એમ વિચારી ભારી કાઇથી જ્યાં વછરાજ આડ તળે નજર કરે છે, ત્યાં તેણે હંસકુમારના પગલાં જોયાં. તે જોતાંજ તેના ચિંતાતુર હૃદયમાં આશાનું કિરણ સ્ફૂર્યું. તેણે વિચાર કર્યો કે જરૂર પુણ્યયોગે કોઇ સિદ્ધ પુરૂષે તેને સચેત કર્યો હશે. એમ ધારી તે પગલે પગલે ચાલ્યો અને સરોવર સુધી પહોંચ્યો. પછી પગલાંનો પત્તો ન લાગવાથી તે નિરાશ થયો. વછરાજ આખરે ચંદનનાં લાકડાં પાછા લઇ કુંતીનગરીમાં આવ્યો અને પેલા સુમ્મણ શેઠની દુકાને ગયો.

સુમ્મણ શેઠનું મુખ વછરાજને જોઇને શ્લાન બની ગયું. વછરાજે શેઠને કહ્યું:-શેઠ સાહેબ, મારા ભાઇનો પત્તો ન લાગ્યો. હવે તો ઇશ્વરેચ્છા હશે તોજ તેનો મેળાપ થશે લ્યો, આ તમારા ચંદનનાં કાષ્ટ, અને આપો મને મારાં બે અશ્વ અને બાર રત્નો

લોભી સુમ્મણ શેઠ યુક્તિ અજમાવી બોલ્યોઃ-ભાઈ, રત્નો તો મેં ઘેર તીજોરીમાં મૂક્યાં છે, અત્યારે તે નીકળે તેમ નથી. રાત્રે હું કાઢી રાખીશ. આવતીકાલે તમે આવીને ખુશીથી લઈ જજો અને તમારા બે અશ્વો આ દુકાનની પાછળ તબેલામાં બાંધ્યા છે, તે અત્યારે લઈ જાવ

ઉપકારી ઉત્તમ અને [illegible] આ દુષ્ટ સુમ્મણ [illegible]

બૂમ પાડી ઉઠ્યોઃ–અરે, કોઈ દોડો, દોડો. આ ચોર મારા દાગીનાઓ ચોરી જાય છે. મુમ્મણ શેઠના શબ્દો સાંભળી આસપાસથી હજારો માણસો દોડી આવ્યા. મુમ્મણ શેઠે વછરાજને ચોર તરીકે ઓળખાવ્યો. પોલીસ, કોટવાળ પણ ત્યાં આગળ આવી પહોંચ્યા. ધનાઢ્ય મુમ્મણ શેઠે કોટવાળને લાંચ રૂશ્વત પણ આપી દીધી. કોટવાળે વછરાજને મુસ્કેટાટ બાંધ્યો અને રાજદરબારમાં લાવી હાજર કર્યો.

રાજદરબારમાં મુમ્મણ શેઠનું માન જેવું તેવું ન હતું. મુમ્મણ શેઠે મહારાજાને ચરણે પુષ્કળ દ્રવ્ય મૂકી દીધું અને કહ્યું:–મહારાજા, ચોર લોકોનો તો વિનાશજ થવો જોઇએ, કેમકે ફરીવાર કોઇ અમારા જેવા ધનિકોના ધનભંડાર લૂંટવાની એ ભૂલીજ જાય. માટે મારી આપને વિનંતિ છે કે મારા આ ચોરને દેહાંતદંડનીજ શિક્ષા મળવી જોઇએ. મુમ્મણ શેઠના કહેવા પ્રમાણેજ થયું. મહારાજાએ કોટવાળને હુકમ કર્યો કે લઇ જાઓ આ દુષ્ટ ચોરને અહિંથી જંગલમાં, અને તેને મારી તેની બંને આંખો કાઢી લાવી મારી પાસે હાજર કરો.

કોટવાળ વછરાજને લઈ ઘેર આવ્યો અને શસ્ત્રઅસ્ત્ર તૈયાર કરવામાં રોકાયો. તેવામાં કોટવાળની સ્ત્રીની નજર આ દિવ્ય અને તેજસ્વી બાળકુમાર પર પડી. કુમારને જોતાંજ તેનામાં દયાનો સંચાર થઇ ગયો. તેણે પોતાના પતિ કોટવાળને કહ્યું:–આવા ફૂલેયા કુંવર જેવા બાળની હત્યા કરી, તમે કયે ભવે છુટશો ? હું કહું છું કે આ કુમારની હત્યા કરવી રહેવા દો. આપણે એકે પુત્ર નથી, તો હું તેને પુત્ર તરીકે સ્વીકારીશ અને કોઇ ન જાણે તેમ તેને ગુપ્ત રાખીશ. તમે હરકોઇ

યુક્તિથી રાજાને સમજાવજો કે મેં તે કુમારને મારી નાખ્યો છે.

વચ્છરાજના પુણ્ય બળે કોટવાળના ક્રૂર હૃદયમાં દયાનો વાસ થઇ ગયો. તેણે હરકોઇ ભોગે આ દિવ્ય કુમારનું રક્ષણ કરવાનો નિશ્ચય કર્યો. તેણે વચ્છરાજને એક ગુપ્ત ભોંયરામાં રાખ્યો અને જંગલમાંથી એક મરેલાં હરણની આંખો કાઢી લાવી રાજાને બતાવી. રાજા અને મુમ્મણ શેઠના જીવને આથી સંતોષ થયો.

મુમ્મણ શેઠને પુષ્પદંત નામે એક પુત્ર હતો. તે પણ બાપના જેવો દુષ્ટ અને વ્યભિચારી હતો. દરેક અનીતિમય ધંધામાં બાપને મદદગાર બની લક્ષ્મી-ઉપાર્જન કરવામાં તે પાવરધો હતો. દેશાવરની મુસાફરીમાં હ મેશાં આ પુષ્પદંતજ જતો હતો. મુમ્મણ શેઠ વ્યાપારનો લોભી હોવાથી તેણે પોતાના પુત્રને કરીયાણાના વહાણો ભરી દરિયાઇ સફરે જવાનું કહ્યું. પુષ્પદંત તૈયાર થયો. મુમ્મણશેઠે કરીયાણાથી ભરેલાં અઢાર વહાણ તૈયાર કરાવ્યાં, સાથે કેટલાક માણસો આપ્યા. પુષ્પદંત પરદેશ જવા તૈયાર થઇ બંદર પર આવ્યો. તેણે વહાણમાં બેસી નાવિકોને વહાણ ચલાવવાનો હુકમ આપ્યો.

નાવિકોએ વહાણ ચલાવવા માટે પ્રયત્ન કર્યો, પરંતુ દૈવયોગે પુષ્પદંતના વહાણ ચાલ્યા નહિ. [illegible] ઘણી મહેનત કરી, પણ ફોગટ. આખરે પુષ્પદંતે [illegible] નાવિકોને વાત કરી [illegible] [illegible]

જોશીએ જણાવ્યું:–હે શેઠ, તમે કોઇની થાપણ ઓળવી રાખે છે. તેને લીધેજ તમારા વહાણો સ્થંભી ગયા છે. જો તે થાપણ, જેની હોય તેને પાછી સોંપવામાં આવે, અગર થાપણ મૂકનાર માણસ પુષ્પદંતની સાથે બંદર પર જાય અને વહાણમાં બેસે, તોજ તમારાં વહાણો ચાલે તેમ છે.

